dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue-63 | AD - 2024, Magashirsha Sud - 05 | Friday, Dt.06-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

૭૭ વીઘા નો રીસોર્ટ
ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

**નારાજ રહેલા એકનાથ શિંદે અને અજીત પવાર ઉપમુખ્યમંત્રી બન્યા, શપથ સમારોહમાં પ્રધાનમંત્રી મોદી, ગૃહમંત્રી શાહ સહિત કેન્દ્રીય મંત્રીઓ ઉપસ્થિત રહ્યાં**

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે દેવેન્દ્ર ફડણવીસની શપથ વિધી

નવી દિલ્હી, તા.૦૫

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા હતાં જયારે શિવસેનાના નેતા એકનાથ શિંદે અને એનસીપી નેતા અજીત પવારે નાયબ મુખ્યમંત્રીના સોગંદ લીધા હતાં. રાજયપાલ સી.પી. રાધાકૃષ્ણને સોગંદ લેવડાવ્યા હતાં. સોગંદવિધિની શરૂઆત રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી ત્યારબાદ મહારાષ્ટ્રનું રાજય ગીત વગાડવામાં આવ્યું હતું. સૌથી પહેલા દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા હતાં તેઓ ત્રીજીવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા છે. તેમણે મરાઠીમાં ઈશ્વરના નામે સોગંદ લીધા હતાં સોગંદ લીધા બાદ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આશીર્વાદ લીધા હતાં. રાજયપાલે તેમને પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા ત્યારબાદ એકનાથ શિંદેએ સોગંદ લીધા હતાં. તેમણે બાલા સાહેબ, નરેન્દ્ર મોદી, અમિત શાહને યાદ કર્યા હતાં તો રાજયપાલે તેમને અટકાવ્યા હતાં અને સોગંદ લેવા માટે કહ્યું હતું ત્યારબાદ તેમણે



ઈશ્વરના નામે મરાઠીમાં સોગંદ લીધા હતાં. આ ઉપરાંત અજીત પવારે પણ નાયબ મુખ્યમંત્રી તરીકે સોગદ લીધા હતાં તેઓ છઠ્ઠીવાર નાયબ મુખ્યમંત્રી બન્યા છે. તેમણે મરાઠીમાં સોગંદ લીધા હતાં, ફડણવીસ,એકનાથ શિદે અને અજીત પવાર સિવાય અન્ય કોઈ નેતાઓએ મંત્રી તરીકેના સોગંદ લીધા ન હતાં. સોગંદવિધિ પુરી થયા બાદ રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું હતું. સોગંદવિધિ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદ મેદાનમાં હાજર રહેલા તમામ લોકોનું હાથ જોડીને અભિવાદન કર્યું હતું. દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી તરીકે ત્રીજીવાર સોગંદ લીધા હતાં તેઓ નાગપુર દક્ષિણથી ધારાસભ્ય છે. આ પહેલા ૨૦૧૪માં તે પહેલી વાર મુખ્યમંત્રી બન્યા હતાં ત્યારબાદ ૨૦૧૯ની ચૂંટણીમાં કેટલાક દિવસ માટે મુખ્યમંત્રી રહ્યાં હતાં ત્યારબાદ મહાયુતિ ગઠબંધન બન્યું અને મુખ્યમંત્રી એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવી દેવામાં આવ્યા અને ફડણવીસ નાયબ મુખ્યમંત્રીની ભૂમિકામાં રહ્યા હતા.

પૂર્વ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ નાયબ મુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા હતાં તે મહારાષ્ટ્ર સરકારમાં બીજા નંબરની ભૂમિકામાં હશે. શિંદે સતત પાંચ વખત ચુંટાઈ આવ્યા છે. આ વખતે તેઓ કોપરી પચપખડી બેઠકથી ચુંટાઈને આવ્યા છે. મહાયુતિ ગઠબંધન સરકાર બન્યા બાદ જૂન ૨૦૨૩માં એકનાથ શિંદેએ મુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા હતાં. એનસીપી નેતા અજિત પવારે નાયબ મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા હતાં તે છઠ્ઠીવાર નાયબ મુખ્યમંત્રી બન્યા છે. તેઓ એકવારના સાંસદ છે અને ૩૩ વર્ષથી ધારાસભ્ય છે.

સુત્રોના જણાવ્યા અનુસાર એક અઠવાડિયાની અંદર મંત્રીમંડળનો વિસ્તાર કરવામાં આવશે. એનસીપી નેતા છગન ભુજબલે દાવો કર્યો હતો કે મહાયુતિના સાથી પક્ષોના મંત્રી એક અઠવાડિયાની અંદર સોગંદ લેશે. સોગંદવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, કેન્દ્રીય મંત્રીઓ, નીતિન ગડકરી, સીતારમણ, પીયુષ ગોયલ તેમજ ફિલ્મી હસ્તીઓ જેમાં શાહરૂખ ખાન, રણબીર કપુર, રણવીર સિંહ, સલમાન ખાન, માધુરી દિક્ષિત, વિદ્યા બાલન, સંજય દત્ત, સચિંન તેંડુલકર, વિકી કૌશલ, બોની કપુર, જાન્હવી કપુર, અર્જૂન કપુર, રૂપા ગાંગુલી, રોહિત શેટ્ટી, એકતા કપુર, શ્રધ્ધાકપુર, જય કોટક, વિક્રાંત મેસી, જયેશ શાહ સામેલ થયા હતા.

ભાવભરી શ્રધ્ધાંજલી
સ્વ. રાહુલભાઈ મનુભાઈ કાપડીયા
સ્વ. તા. ૦૪-૧૨-૨૦૨૪ માગશર સુદ -૩ ને બુધવાર ગામ-બગસરા
આપના સ્નેહભર્યા સ્વભાવની સુવાસ સદાય અમારા હૈયે રહેશે,
આપનું સાદગીભર્યુ જીવન, માયાળુ સ્વભાવ,
પરીવાર પ્રત્યેની લાગણી અમોને કાયમ યાદ રહેશે...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
શ્રી નાલંદા શૈક્ષણીક સંકુલ -બગસરા
શ્રી આદર્શ વિદ્યાલય -બગસરા

ગ્રાહકોને સંપૂર્ણ વિશ્વાસ સાથે AN ISO 9001:2015 & ISO 22000: 2018 CERTIFIED COMPANY
શુદ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું ખાત્રીબંધ આપશું.
શુદ્ધતા સાથે કોઈ સમાધાન નહી
માણસની તંદુરસ્તી સાથે
કોઈ રમત નહીં તો રાહ શેની જુઓ છો
તો પધારો આજેજ અમારી ફેક્ટરી પર
સમ્રાટ અશોક
ડબલ ફીલ્ટર્ડ G-20 નું શુદ્ધ શીંગતેલ
અને હા વળી, G-20 નું શુદ્ધ શીંગતેલ આપનો વિશ્વાસ અમારી બ્રાન્ડ બારેમાસ ભરવા લાયક ડબલ ફિલ્ટર કરેલું.
ગ્રાહકોને સંતોષ એજ અમારૂ લક્ષ્ય
No રીફાઈન્ડ
No ભેળસેળ
No કોલેસ્ટ્રોલ
No કેમીકલ
MFG. & MARKETING BY:
ક્રિષ્ટી સીડ્સ ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫,૬,૩૪,૩૫, જી.આઈ.ડી.સી., રેલવે સ્ટેશન સામે, હનુમાનપરા, અમરેલી મો. ૯૪૨૬૯ ૬૩૬૩૩

AIMS -એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

# અમૃતસરના મજીઠા પોલીસ સ્ટેશન નજીક જોરદાર વિસ્ફોટ, પંજાબ પોલીસ હાઈ એલર્ટ પર

અમૃતસર,તા.૫



પંજાબના અમૃતસર જિલ્લાના મજીઠા પોલીસ સ્ટેશનમાં બુધવારે રાત્રે ૧૦.૦૫ કલાકે જોરદાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે પોલીસ સ્ટેશનની બારીઓના કાચ તૂટી ગયા હતા. વિસ્ફોટ પોલીસ સ્ટેશનના ગેટ પાસેના ખુલ્લા વિસ્તારમાં થયો હતો. બ્લાસ્ટ બાદ પોલીસ સ્ટેશનના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા અને પોલીસે તાત્કાલિક સુરક્ષા વધારી દીધી હતી. પ્રારંભિક માહિતી અનુસાર, પોલીસ સ્ટેશનની અંદર હેન્ડ ગ્રેનેડ ફેંકવામાં આવ્યો હતો, જોકે અધિકારીઓએ તેની પુષ્ટિ કરી નથી. વિસ્ફોટની માહિતી મળતા જ મજીઠા ડીએસપી જસપાલ સિંહ ધિલ્લોન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે ઘણા પોલીસકર્મીઓ હાજર હતા, પરંતુ આ ઘટનામાં કોઈ નુકસાન થયું હોવાની માહિતી મળી નથી. મામલાની ગંભીરતાને જોઈને પંજાબ પોલીસની બોર્ડર રેન્જના ડીઆઈજી સતીન્દર સિંહ પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને મામલાની તપાસ શરૂ કરી. આ વિસ્ફોટના થોડા સમય પહેલા બુધવારે સવારે અમૃતસરના સુવર્ણ મંદિરની બહાર પંજાબના પૂર્વ ડેપ્યુટી સીએમ સુખબીર સિંહ બાદલને મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ સમગ્ર પંજાબમાં પોલીસ હાઈ એલર્ટ પર છે અને સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. આ સાથે મજીઠામાં થયેલા બ્લાસ્ટથી પોલીસ પ્રશાસનની ચિંતા વધી ગઈ છે. અમૃતસર જિલ્લામાં ૬ દિવસમાં બીજી વખત આ બ્લાસ્ટ થયો છે. ૨૯ નવેમ્બરની રાત્રે પણ અમૃતસર શહેરના ગુરબક્ષ નગર ચોકીમાં વિસ્ફોટ થયો હતો, જોકે આ ચોકી થોડા દિવસો પહેલા જ બંધ કરી દેવામાં આવી હતી. આ સિવાય ૨૩-૨૪ નવેમ્બરની રાત્રે અજનાલા પોલીસ સ્ટેશનની બહાર એક આઈઈડી (ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ) પણ લગાવવામાં આવ્યું હતું, જે ટેકનિકલ ખામીને કારણે વિસ્ફોટ થઈ શક્યું ન હતું.

સ્ત્રી રોગ ?
ગર્ભાશય(કોથળી)ની તકલીફ ?
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
રાહત દરે
દુરબીનથી ટાંકા વગરના ઓપરેશન
ડૉ. સંજય સોલંકી
કન્સલ્ટન્ટ ગાયનેકોલોજીસ્ટ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

Sheetal
₹440/-
₹350/-
Pizza Combo
1 Italian Pizza + 1 Veg. Cheese Grill Sandwich + 2 Cold Drinks
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૬-૧૨-૨૦૨૪

**બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો સામે પ્રચંડ રોષ**

# અમરેલીમાં હિન્દુ સમાજ દ્વારા આક્રોશ સાથે કલેકટરને આવેદનપત્ર

અમરેલી, તા.૦૫

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર સામે બાંગ્લાદેશની વચગાળાની સરકાર મૂક તમાશો જોઈ રહી છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતાં અત્યાચારના વિરોધમાં અમરેલી શહેર ખાતે સમસ્ત હિન્દુ સમાજ દ્વારા રોષભેર મૌન રેલી કાઢવામાં આવી હતી. આ મૌન રેલીમાં શહેરમાંથી તમામ હિન્દુ સંગઠનો અને સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત હિન્દુ સમાજ દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જણાવાયુ છે કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારોમાં ભારે વધારો થયો છે. હિન્દુ ધાર્મિક સ્થળોને નિશાન બનાવીને તોડફોડ કરવામાં આવી રહી છે. હિંસા અને હત્યાની





ઘટનાઓમાં વધારો થયો છે અને ધર્મ પરિવર્તન જેવા ગંભીર અપરાધો થઈ રહ્યા છે. આ પરિસ્થિતિ ખૂબ ચિંતાજનક છે અને આંતરરાષ્ટ્રીય સમાજ માટે પણ શરમજનક છે. સરકારની જવાબદારી છે કે તે પોતાના નાગરીકોની સુરક્ષા કરે અને કોઈપણ પ્રકારના અત્યાચારોને રોકે. અત્યાચારના વિરૂદ્ધમાં ઈસ્કોનમાં પૂ.સંત શ્રી ચિન્મય કૃષ્ણ દાસજીનાં નેતૃત્વમાં શાંતિપૂર્ણ વિરોધ કરતા હિન્દુઓ પર પણ અત્યાચાર કરી પૂ. સંત શ્રી ને ખોટી રીતે જેલમાં ધકેલી દીધા છ જે કૃત્ય પણ અમાનવીય છે. તેમજ માંગણીઓ છે કે પૂજનીય સંતશ્રી ચિન્મય કૃષ્ણ દાસજીને તાત્કાલિક મુકત કરવા પ્રયાસ કરવામાં આવે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારોને તાત્કાલિક બંધ કરાવવા, પીડિતોને ન્યાય અપાવવા અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા, હિન્દુ ધાર્મિક સ્થળોની સુરક્ષા વધારવા, અત્યાચારોને રોકવા માટે કાયદા અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો કરવો તેવી હિન્દુ સમાજે માંગ કરી છે.

## જાફરાબાદનાં ભાડા ગામે પ્રેમસંબંધ મુદ્દે યુવકને માર

**ત્રણ શખ્સોએ ઢીકાપાટુનો માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૦૫

જાફરાબાદ તાલુકાના ભાડા ગામે રહેતા એક યુવકને પ્રેમસંબંધ રાખવો ભારે પડયો હતો. જેમાં યુવતીનાં પિતા સહિત ત્રણ લોકોએ યુવકને માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી શૈલેષ લખમણભાઈ જાદવ રહે.ભાડા હાલ. સુરતવાળાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી યુવકને આરોપી ભરત લાખા કવાડની દીકરી સાથે પ્રેમસંબંધ હોય જેની જાણ યુવતીનાં પિતાને થતાં યુવતીનાં પિતા ભરત લાખા કવાડ, જડીબેન લાખા કવાડ અને ઉકા ગોવિંદભાઈ કવાડે એકસંપ કરી યુવકને લાકડી વડે તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારતા યુવકે જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## એસ.એચ.ગજેરા કેમ્પસમાં પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪નો મોક ટેસ્ટ યોજાયો

અમરેલી, તા.૦૫

અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળામાં તા. ૪ ડિસેમ્બરના રોજ પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪નો મોક ટેસ્ટ યોજાયો હતો. આ સર્વેક્ષણ દેશના શિક્ષણતંત્રની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટેનું એક મહત્વનું સાધન છે. પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ અંતર્ગત આ શાળાને સેમ્પલિંગ શાળા તરીકે પસંદ કરવામાં આવી હતી. આજે ધોરણ ૬ અને ૯ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી હતી. આ સર્વેક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના



વિવિધ વિષયોમાં શૈક્ષણિક દક્ષતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ સર્વેક્ષણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાનું મૂલ્યાંકન કરીને શિક્ષણની ગુણવત્તા વધારવાનો છે. સર્વેક્ષણના પરિણામોના આધારે શિક્ષણ ક્ષેત્રે જરૂરી સુધારા કરવામાં આવશે. જિલ્લા તાલીમ ભવનના અધિકારી મહેન્દ્ર દુધરેજીયા અને ફિલ્ડ ઈન્વેસ્ટિગેટર જ્યોત્સનાબેન પરમાર દ્વારા આ પરીક્ષાનું સંચાલન કરવામાં આવ્યું હતું. શાળાના કોર્ડીનેટર, પ્રિન્સિપાલ અને સ્ટાફે પણ આ કાર્યક્રમમાં સક્રિય ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પણ ખૂબ ઉત્સાહ સાથે પરીક્ષા આપી હતી.

## ખાંભાના નીંગાળા-૨ ગામે યુવકને જાનથી મારી નાખવાની ધમકી

અમરેલી, તા.૦૫

ખાંભા તાલુકાનાં નીંગાળા-૨ ગામે જુના મનદુ:ખમાં એક યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા આખો મામલો ખાંભા પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યો હતો. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વિનોદ ગોવિંદ વણઝારા અને આરોપીઓ પ્રકાશ મનસુખ વણઝારા તથા મનસુખ વાઘાભાઈ વણઝારા સાથે એક માસ પહેલા બોલાચાલી, ઝઘડો થતાં સામસામી અરજીઓ કરેલ હોય જેનું મનદુ:ખ રાખી પ્રકાશ મનસુખ વણઝારાએ ફરિયાદીને ફોન કરી બિભત્સ ગાળો આપી હતી. અને મનસુખ વાઘા વણઝારાએ ફરિયાદીનાં ઘર સામે જાહેરમાં ફરિયાદીને કહેલ કે તે મારા દીકરા સાથે ફોનમાં શું બોલાચાલી કરેલ છે તેમ કહી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા વિનોદ ગોવિંદ વણઝારાએ બંને સામે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ વાહન અને લારીઓ હટાવાઈ

અમરેલી, તા.૦૫

અમરેલી શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ પાર્ક કરવા બદલ ટ્રક ચાલક પ્રદિપ દેવશીભાઈ રાઠોડ રહે.ચલાલા સામે જાહેરનામાનાં ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમજ શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ પાણીપુરીની લારી રાખનાર રામુ ભુરા નિષાદ અને વિનોદ રામશંકર નિષાદ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## અમરેલી શહેરમાં ટ્રક ચાલકે વાછરડીને અડફેટે લેતા મોત

અમરેલી, તા.૦૫

અમરેલીમાં ભરબજારે પણ ટ્રક ચાલકો બેફામ ટ્રક ચલાવી રહ્યા છે. માતેલા સાંઢની જેમ દોડતા ટ્રક ચાલકો સામે કડક કાર્યવાહીની તાતી જરૂર છે. આવા જ એક ટ્રક ચાલકે બેફામ ટ્રક હંકારી એક વાછરડીને અડફેટે લેતા વાછરડીનું મોત નિપજયું હતું. ભવદીપ કાંતિલાલ ઠાકરે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ન્યૂ મહેતા ટ્રાન્સપોર્ટનાં ટ્રક નંબર જીજે-૦૩-બીવાય-૨૧૨૬નાં ટ્રક ચાલકે રાજકમલ ચોક, કોર મોબાઈલ પાસે બેઠેલી વાછરડી ઉપર ટ્રક ચડાવી દેતા વાછરડીના પગ તથા પૂંછડી કપાઈ ગઈ હતી. સારવાર દરમિયાન વાછરડીનું મોત થતાં અજાણ્યા ટ્રક ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારો સામે સાવરકુંડલામાં વિશાળ મૌન રેલી

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારો અને નિર્દોષ હિન્દુ સંતો તેમજ લોકોની ધરપકડ સામે સમગ્ર હિન્દુ સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે. આ રોષ વ્યક્ત કરવા માટે સાવરકુંડલામાં વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રિદ્ધિ-સિદ્ધિ ચોકથી મામલતદાર કચેરી સુધી




તસવીર : સૌરભ દોશી

નીકળેલી આ મૌન રેલીમાં સાધુ-સંતો સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. રેલીમાં ઉપસ્થિત લોકોએ બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ પર થતા અત્યાચારોની નિંદા કરતા જણાવ્યું હતું કે, નિર્દોષ લોકો અને હિન્દુત્વના વિવિધ સંપ્રદાયોના અનુયાયીઓને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. આવા કૃત્યો માફીને લાયક નથી અને તેને રોકવા માટે કડક પગલાં લેવા જરૂરી છે. હિન્દુ અસ્મિતા મંચ સાવરકુંડલા દ્વારા જણાવ્યું હતું કે, ધર્મ પરના આવા હુમલાઓને જો રોકવામાં નહીં આવે તો સમગ્ર વિશ્વમાં માઠા પરિણામો ભોગવવા પડશે.




## અમરેલીના વોર્ડ નં. ૩ અને ૧૧માં E-KYC અને આયુષમાન વય વંદના કાર્ડનો કેમ્પ યોજાયો

**સમગ્ર વિધાનસભા વિસ્તારમાં આયોજન કરાશે : કૌશિક વેકરીયા**

અમરેલી, તા.૦૫

અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા ઘરઆંગણે ઈ-કેવાયસી અને વડીલો માટેના આયુષમાન વયવંદના કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી શહેરના વોર્ડ નંબર ૩ ખાતે બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર પાસે અને વોર્ડ નંબર ૧૧માં ખેડૂત તાલીમ કેન્દ્ર, પટેલ સંકુલ પાસે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ એક દિવસીય કેમ્પમાં અંદાજિત ૧૧૦૦થી પણ વધુ લાભાર્થીઓ કેમ્પમાં સહભાગી થયા હતા. આ અંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, અમરેલી શહેરના નાગરિકો અને વિધાનસભા મતવિસ્તારના



નાગરિકોની સુખાકારીને ધ્યાને લઈ એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં સરકારની સેવાઓને મેળવવા માટે નાગરિકોએ કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેમજ વૃદ્ધોને કોઈ તકલીફ ના પડે તે માટે વહીવટી તંત્રને જે તે વોર્ડમાં મોકલી વિસ્તારના નાગરિકોને ઈ-કેવાયસી તથા આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં અમરેલીના તમામ વોર્ડમાં અને અમરેલી-વડીયા-કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારના તમામ ગામમાં આ પ્રકારના કેમ્પ યોજી નાગરિકોને રાજ્ય સરકારની સેવાનો લાભ આપવા માટે અમે માધ્યમ બનીશું.' કેમ્પનું સફળ આયોજન કરવા બદલ અમરેલી નગરપાલિકાના સભ્યો, જે તે બુથના કાર્યકર્તાઓ સહિત સ્થાનિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.









આ માર્ગ પર હાઈસ્કૂલ અને કોલેજના હજારો વિદ્યાર્થીઓ અવરજવર કરે છે ત્યારે

# બગસરાની મેઘાણી હાઈસ્કૂલ પાસે આવેલા વીજ ટ્રાન્સફોર્મર દૂર કરવા માંગ

અમરેલી,તા.૦૫



બગસરામાં મેઘાણી હાઈસ્કૂલની દિવાલની નજીક જ બે વીજ ટ્રાન્સફોર્મર આવેલા હોવાથી આ ટ્રાન્સફોર્મરને અન્યત્ર ખસેડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. બગસરા મેઘાણી હાઈસ્કૂલમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યારે હાઈસ્કૂલની દિવાલની નજીક જ બે મોટા વીજ ટ્રાન્સફોર્મર આવેલા છે જેના કારણે વિદ્યાર્થીઓમાં અકસ્માતનો ભય ફેલાયો છે. આ માર્ગ પર કોલેજ પણ આવેલી હોવાથી દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ટ્રાન્સફોર્મરની નજીકથી જ પસાર થાય છે. આ અંગે વીજ અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રાન્સફોર્મર અન્યત્ર ખસેડી શકાય તેવી કોઈ જગ્યા નથી. જો કે ટ્રાન્સફોર્મરમાં ૧૧ કે.વી.ની લાઈન આવતી હોવાથી વિદ્યાર્થી

**ટ્રાન્સફોર્મરને કારણે વિદ્યાર્થીઓમાં અકસ્માતનો ભય**

માટે ભવિષ્યમાં જોખમ ઉભુ થાય તેમ છે. આમ, ભવિષ્યમાં કોઈ ગંભીર અકસ્માત થાય તે પહેલા શાળા પાસેથી આ વીજ ટ્રાન્સફોર્મરને અન્યત્ર ખસેડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ખેડૂતોને સહાય અને ઈકોઝોનના મુદે રાજુલા-જાફરાબાદ કોંગ્રેસ સમિતિનું ધરણા પ્રદર્શન

**કોંગી આગેવાનોએ પ્રાંત અધિકારીને આવેદન આપી રજૂઆત કરી**

અમરેલી,તા.૦૫



રાજુલા જાફરાબાદ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજુલા શહેરમાં સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમર સહિત કોંગ્રેસના કાર્યકરો હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉસ્થિત રહ્યા હતા અને ધરણામાં જોડાયા હતા. કોંગ્રેસ દ્વારા સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી ધરણા યોજાયા હતા જેમાં ખેડૂતોને અતિવૃષ્ટિમાં થયેલા નુકસાન અંગે સહાય અને ખાંભા વિસ્તારમાં ઈકોઝોન હટાવવાની માંગણી કરી હતી. નગરપાલિકા વિસ્તાર રાજુલા જાફરાબાદના લોકો વિવિધ પ્રશ્નને લઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. કોપર પ્લાન્ટ કંપની સામે વિરોધ દર્શાવી વિવિધ પ્રશ્નો સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆતો કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

દરજી મચ્છુ કઠિયા સઈ સુથાર જ્ઞાતિ મરણ, રવીન્દ્રભાઈ મનસુખભાઈ યાદવ (રવાણી), તે યાદવ પિયુષભાઈના પિતાશ્રીનું તા. ૨/૧૨/૨૪ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૬/૧૨/૨૪ ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૫ કલાકે અમારા નિવાસ સ્થાને શ્રમજીવી નગર શેરી નં.૩ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહજાનંદભાઈનું .... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

ઉછીના આપેલ નાણાની ઉઘરાણી કરી

# કોટડાપીઠા ગામના યુવકને મારીનાખવાની ધમકીઆપી

**ફરિયાદીનાં મોટા ભાઈએ આરોપી પાસેથી પૈસા ઉછીના લીધા હતા**

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં પઠાણી ઉઘરાણીનો સિલસિલો વધતો જ જાય છે. ઉછીના રૂપિયા પરત મેળવવા માથાભારે શખ્સો જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની ફરિયાદો વારંવાર પોલીસ ચોપડે નોંધાતી જાય છે. જેમાં બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના યુવકને ગાડીમાં બેસાડી ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી કરી ગળા પર છરી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપતા બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા ઉમેશ ભોળાભાઈ રામાણી હાલ સુરતવાળાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીનાં મોટા ભાઈએ સુરતમાં ભાવેશ ગજેરા પાસેથી પૈસા ઉછીના લીધેલા હોય જેની ઉઘરાણી કરવા આરોપીઓ ભાવેશ ગજેરા, દેવુ ખુમાણ અને એક અજાણ્યા ઈસમે ફરિયાદી પાસે આવીને કહેલ કે 'કારમાં બેસી જા.' જેથી ફરિયાદી કારમાં બેસી જતાં થોડેક દૂર લઈ જઈ ઉમેશ રામાણી પાસે પૈસાની ઉઘરાણી કરી તેના ગળા પર છરી રાખીને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદી ઉમેશ રામાણીએ ત્રણ શખ્સો સામે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# બરવાળા બાવીશી ગામે બાઈક ચાલકે વૃધ્ધાને અડફેટે લીધી

**વૃધ્ધાને ઈજા કર્યા બાદ બાઈક ચાલક નાસી છુટયો**

અમરેલી, તા.૦૫

વડીયા તાલુકાના બરવાળા બાવીશી ગામે રહેતા એક વૃધ્ધા સહિત બે લોકોને બાઈક ચાલકે અડફેટે લેતા વૃધ્ધાને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. બરવાળા બાવીશી ગામે રહેતા ફરિયાદી વૃધ્ધા લાભુબેન દાનાભાઈ માધડ એક સાહેદ સાથે ગામના નવા પ્લોટ પાસે રોડ પર ઉભા હતા ત્યારે એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે પોતાનું મોટર સાયકલ બેફીકરાઈભર્યું ચલાવી વૃધ્ધા અને સાહેદ સાથે ભટકાવી વૃધ્ધાને ડાબા હાથના ખંભાના ભાગે તથા ડાબા પગે ઈજા કરેલ તેમજ સાહેદને જમણી આંખ પર અને માથામાં ઈજા કરી બાઈક ચાલક નાસી જતા વૃધ્ધાએ અજાણ્યા બાઈક ચાલક સામે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

## સ્ટાફ ભરતી અંગેનું ઓનલાઈન ઈન્ટરવ્યુ

કામધેનુ યુનિવર્સીટી, ગાંધીનગર સંલગ્ન શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત સ્વનિર્ભર પશુપાલન પોલિટેકનિક, ખડસલી માટે નીચે મુજબની જગ્યાની ભરતી માટે જરૂરી લાયકાત, અનુભવ તથા રસ ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન ઈન્ટરવ્યુ (Google Meet) માં હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧. | આચાર્ય | ૦૧ | પશુચિકિત્સા શાખામાં Ph.D ની પદવી, પ્રાધ્યાપક અથવા તેને સમકક્ષ પોસ્ટનો ૧૫ વર્ષનો અનુભવ |
| ૨. | મદદનીશ પ્રાધ્યાપક | ૦૨ | M.V.Sc (Preffered Subject AGB, Extension, Nutrition, LPM, Microbiology, VPH, Pathology, Parasitology) |
| ૩. | પશુ ચિકિત્સા અધિકારી | ૦૨ | B.V.Sc & A. H. |
| ૪. | લેબોરેટરી ટેકનીશ્યન | ૦૧ | B.Sc Microbiology, Biochemistry and Biotechnology અથવા B.Sc (MLT) ની સ્નાતક પદવી |

ઉપર જણાવેલ જગ્યાઓ માટે ઉત્સુક ઉમેદવારે જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતના બાયોડેટા, પોતાના અસલ પ્રમાણપત્રો, એક પાસપોર્ટ સાઈઝના કલર ફોટા તા.૧૯.૧૨.૨૦૨૪ સુધી માં recruitmentpahkhadasali@gmail.com માં મોકલી આપવા જણાવામાં આવે છે. ઉપરોક્ત ઈન્ટરવ્યુ તા.૨૦.૧૨.૨૦૨૪ (શુક્રવાર)ના સમય સવારે ૧૧.૦૦ કલાકથી ઓનલાઈન (Google Meet) માધ્યમથી યોજાશે. પગારધોરણ અનુભવના આધારે નક્કી કરવામાં આવશે.

નોંધ : M.V.Sc. માં કચ્ચા બાઉન્ડ થીસિસ થયેલ ઉમેદવાર ઈન્ટરવ્યુમાં હાજર રહી શકશે.

(M) 9825957967
8849747677

ડો.રાજેન્દ્રભાઈ ખીમાણી-મંત્રી શ્રી,
શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા કેન્દ્ર - સાવરકુંડલા

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૨૨/૨૦૨૪

**અરજદાર :-** શ્રી રેલમબેન વિજયભાઈ તોમર
રહે. કેરીયાનાગસ તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કેરીયાનાગસ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામના રેલમબેન વિજયભાઈ તોમર તેઓના પુત્ર સાજન વિજયભાઈ તોમરની જન્મ તા.૦૩/૦૯/૨૦૨૨ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૫/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

ખોટા સોગંધનામાના આધારે પેટ્રોલ-ડીઝલ મેળવી વેંચાણ કર્યુ

# અમરેલીમાં પેટ્રોલપંપનાં મેનેજરે રૂા.૪૯ લાખની છેતરપિંડી આચરતા ફરિયાદ

**આરોપીએ ફરિયાદીની સહીવાળું ખોટું સોગંધનામુ રજૂ કરી વિવિધ બેંકોમાંથી લોન મેળવી**

અમરેલી, તા.૦૫

અમરેલીમાં ભેજાબાજ લોકો વિવિધ તરકીબો અજમાવી પોતાના જ માલિકો સામે છેતરપિંડી આચરતા હોવાના બનાવો હવે સામાન્ય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. પોતાના જ માલિકનો વિશ્વાસ કેળવી તેમની સાથે વિશ્વાસઘાત કરતા મિ.નટવરલાલની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેમાં અમરેલીમાં જ એક પેટ્રોલપંપના મેનેજરે પોતાના માલિકનો વિશ્વાસઘાત કરી તેમની સહીનો દુરૂપયોગ કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. અમરેલીનાં ઘાંચીવાડ ડુબાણીયા પામાં રહેતા ફરિયાદી રહીમ જમાલભાઈ રાધનપરાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી ગુલામ અહેમદ દીલારભાઈ જાખરા ફરિયાદીનાં નુરી પેટ્રોલપંપમાં મેનેજર તરીકે નોકરી દરમિયાન ફરિયાદીની અજ્ઞાનતા અને સાહેદ યાસિનભાઈની ગેરહાજરીનો લાભ લઈ ફરિયાદીની જાણ બહાર નુરી પેટ્રોલપંપના નામે ફરિયાદીની સહીવાળુ ખોટું સોગંધનામુ તૈયાર કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી, આઈઓસીમાં આપી ઈ-ડીલર ફાયનાન્સ સ્કીમ મેળવી, આઈસીઆઈસીઆઈ બેંક બાબરા મુકામે રજૂ કરી આઈઓસીમાં ખરીદી ઓર્ડર નાખી પેટ્રોલ-ડીઝલ મેળવી, વેંચાણ કરી રૂા.૨૪ લાખ તેમજ ચાવંડ મુકામે બેગમાં રહેલ સીસી ખાતાની રકમ રૂા.૪ લાખ મેળવી અને અમરેલી બજાજ ફાયનાન્સમાંથી રૂા.૧૬,૧૪,૦૦૫ લોન મેળવી આરોપીએ અંગત ઉપયોગમાં લઈ અમુક હપ્તાઓ ભરી હાલ રૂા.૧૧,૬૩,૨૩૨ વ્યાજ સહિતની રકમ બાકી રાખી તેમજ લાઠી ખાતેથી IIFL ફાયનાન્સમાં ફરિયાદીની જાણ બહાર ચેકમાં ખોટી સહીઓ કરી રૂા.૯,૫૦,૫૧૩ની લોન મેળવી તે તમામ રકમ ફરિયાદીનાં ખાતામાં નખાવી તેના અંગત ઉપયોગ માટે જાણ બહાર મેળવી લઈ કુલ રકમ રૂા.૪૯,૧૩,૭૪૫/- અંગત ઉપયોગ માટે મેળવતા ફરિયાદીએ આરોપી ગુલ અહેમદ સામે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલા સંઘવી કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૦૫

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રાજુલા દ્વારા એન. એસ.એસ. યુનિટ- ૧ તથા ૨ દ્વારા મોટાખુટવડા ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૮ વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહપૂર્વક જોડાઈને સ્વચ્છતા અભિયાનની કામગીરી હાથ ધરી હતી. આ તકે કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસે અભિનંદન પાઠવ્યા હતા. સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર જાગૃતીબેન તેરૈયા, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા.ભગવતીબેન વડીયા, પ્રા. સનાબેન લાખાણીએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી જિલ્લામાં નિયમોનો ઉલાળીયો કરનાર પાંચ શાળાઓની માન્યતા રદ કરવા કાર્યવાહી

**રદ થયેલી શાળાઓના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ટ્રાન્સફર કરવામાં આવશે**

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કુલ પાંચ શાળાઓની માન્યતા રદ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમરેલી શહેરમાં આવેલી શાળાઓ નીતિ-નિયમોને નેવે મૂકી ધમધમી રહી છે. જેથી આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત મળતા જ તાત્કાલિક નીતિ-નિયમોને નેવે મુકનાર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શિક્ષણ વિભાગની તપાસમાં ક્રિષ્ના સ્કૂલ અને સુમધુર શાળાની માન્યતા રદ કરવા કાર્યવાહી કરવામાં



આવી છે. તેમજ જીવનતીર્થ અને બાબરાની ઓમ વિદ્યાલય શાળા મળી કુલ પાંચ સામે માન્યતા રદ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે જણાવ્યું હતું કે, જે જગ્યાએ શાળા શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી તે સ્થળના બદલે અન્ય સ્થળે શાળાઓ ધમધમી રહી હતી. જેનો અહેવાલ રાજયના શિક્ષણ વિભાગને મોકલી આપવામાં આવ્યો છે. જે શાળાની માન્યતા રદ કરવામાં આવશે તે શાળાના વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં ટ્રાન્સફર કરવામાં આવશે. અમરેલીમાં આવેલી તુન્ની વિદ્યાલયમાં ધો.૯થી ૧૨ના વર્ગો ચાલે છે. જિલ્લા શિક્ષણાધિકારીની તપાસ ટીમ દ્વારા તુન્ની વિદ્યાલયની આકસ્મિક મુલાકાત લેવામાં આવતા શાળામાં જે વિદ્યાર્થી રજીસ્ટરમાં નોંધાયેલા હતા તેના કરતા સંખ્યા ઓછી જોવા મળી હતી. જેથી આ અંગે અમરેલી શિક્ષણ વિભાગ દ્વારા

**તુન્ની વિદ્યાલયમાં રજીસ્ટરમાં નોંધાયેલ કરતા ઓછા વિદ્યાર્થીઓ જોવા મળ્યા**

તુન્ની વિદ્યાલયના સંચાલકોને વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા બાબતે ખુલાસો પુછવામાં આવ્યો હતો આમ, અમરેલી શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા શાળા સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

# ચિત્તલ ગામે થયેલી વૃધ્ધાની હત્યાના શકમંદની પૂછપરછ

**પોલીસે વિવિધ ટીમ બનાવી તપાસ તેજ કરી હતી**

અમરેલી,તા.૦૫

અમરેલી તાલુકાના ચિત્તલ ગામે થોડા દિવસ પહેલા એક વિપ્ર વૃધ્ધાની ગળા પર તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવી હતી. આ હત્યાથી સમગ્ર અમરેલી જિલ્લામાં હાહાકાર મચી જવા પામ્યો હતો. હત્યાના આરોપીઓને ઝડપવા માટે પોલીસે વિવિધ ટીમ બનાવી તપાસ તેજ કરી હતી. અમરેલી તાલુકાના ચિત્તલ ગામે વિપ્ર વૃધ્ધા પ્રભાબેન ભાનુશંકર તેરૈયાની ભરબપોરે ઘરમાં ઘૂસી હત્યા કરવામાં આવી હતી. પોલીસે આરોપીને ઝડપવા માટે ગામમાં લાગેલા સીસીટીવી ફંફોળ્યા હતા પરંતુ કોઈ કડી મળી નહોતી જોકે પોલીસે આજે હત્યામાં સંડોવાયેલ એક શકમંદની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યુ છે. આ શકમંદે જ હત્યા કરી છે કે નહી તેની પોલીસ પૂછપરછ કરી રહી છે.

યુવકે અગાઉ યુવતીનાં અશ્લીલ ફોટો પાડી એક સગાઈ તો તોડી નાખી હતી

# ખાંભાનાં જામકા ગામે યુવતીની સગાઈ તોડી નાખવાની ધમકી આપી

**તારા ઘરે બીજા કોઈની જાન આવશે તો હું ઝેરી દવા પી લઈશ તેમ કહી યુવતીની છેડતી કરી**

અમરેલી, તા.૦૫

સમગ્ર રાજયમાં યુવતીઓ અને સગીરાઓની છેડતી અને દુષ્કર્મનાં કિસ્સાઓ વધવા પામ્યા છે. યુવતીઓ પણ યુવક પર વિશ્વાસ મૂકી પોતાના અંગત ફોટા પાડવા દઈ બાદમાં પોતે જ મુશ્કેલીમાં મુકાઈ જતી હોય છે.

આવો જ એક બનાવ ખાંભા તાલુકાના જામકા ગામે રહેતી એક યુવતી સાથે બન્યો છે. યુવતીએ આખરે કંટાળી પોતાને પજવણી કરનાર યુવક સામે ખાંભા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી ભારતી યુવતીએ ફરિયાદમાં જણાવ્યું છે કે, પોતાને આરોપી હમીર ભુપતભાઈ બારૈયા જે પોતાના જ ગામનો હોય તેમની સાથે એક વર્ષ પહેલા પ્રેમસંબંધ હતો. ફરિયાદીના બિભત્સ ફોટાઓ તેમના મોબાઈલમાં પાડેલા હતા ત્યારબાદ ફરિયાદી યુવતીનાં માતા-પિતાએ યુવતીની સગાઈ પચપચીયા ગામે કરી દીધેલ હતી. આ વાતની જાણ કરી યુવતીએ આરોપી હમીરને સમજાવેલ પરંતુ આરોપી સમજેલ નહી અને યુવતીની સગાઈ તોડાવી નાખેલ હતી. ત્યારબાદ યુવતીનાં પરિવારે યુવતીની ફરીવાર સગાઈ તાલડા મુકામે કરતા આરોપી યુવતી અને તેનો પરિવાર વાડીએ જતાં હતા ત્યારે આડા રસ્તે ઉભો રહી કહેવા લાગેલ કે તારે મારી સાથે જ લગ્ન કરવાના છે.

બીજા કોઈ સાથે લગ્ન કરીશ તો હું દવા પી જઈશ અને તારા ડેલામાં બીજા કોઈની જાન નહીં આવવા દઉં. તાલડા ગામે તે સગાઈ કરેલ છે તે તારા મંગેતરને ફોટા બતાવી ફરી સગાઈ તોડાવી નાખીશ. યુવતીએ આરોપીની વાતમાં ધ્યાન ન આપતા આરોપીએ તેનો પીછો કરી, હાથ પકડી છેડતી કરવાનો પ્રયાસ કરતા યુવતીએ આરોપી સામે ખાંભા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવેલ છે.

# જાફરાબાદના બાબરકોટ ગામે યુવતી સાથે મોબાઈલમાં વાત કરતા યુવકને ધમકી

**આરોપીઓએ જાહેરનામાનો ભંગ કરતા પોલીસ ફરિયાદ**

અમરેલી, તા.૦૫

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે યુવતીને મોબાઈલમાં મેસેજ કરતા યુવકને બે શખ્સોએ ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી અરજણ રૂખડભાઈ બાંભણીયાએ જાફરાબાદ મરીનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી અશોક સુખા મકવાણાનાં સાઢુની દીકરી સાથે મોબાઈલમાં વાત કરતા મેસેજ કરતા હોય જેથી આ વાતનો ખાર રાખી આરોપી અશોક સુખા મકવાણા અને રોહીત કાળુ બારૈયાએ દારૂ પીધેલી હાલતમાં ગાળો બોલી ફરિયાદીને છરી વડે જાનથી મારી નાખવાની ધમકી આપતા આરોપીઓએ જાહેરનામાનો ભંગ કરતા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૦૬-૧૨-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૦૦,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૦૬-૧૨-૨૦૨૪ શુક્રવાર

- મેષ: પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે શ્રેષ્ઠ સ્થળે પ્રવાસની યોજના બનાવો અને સ્વાદિષ્ટ ભોજન લેવાની તક મળશે.
- વૃષભ: આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશે.
- મિથુન: સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતશે.
- કર્ક: તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, પરંતુ સમયની સાથે સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે. એક સાથે અનેક કાર્યો કરવાથી માનસિક તાણ થઈ શકે છે.
- સિંહ: આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરીમાં ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે.
- કન્યા: વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો.
- તુલા: આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો.
- વૃશ્ચિક: આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે.
- ધન: ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે.
- મકર: વિદ્યાર્થીઓને ઇચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. નવું કાર્ય શરૂ કરવા માટે પરિવારનો સહયોગ મળશે.
- કુંભ: આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે. મનમાં સંતોષ જોવા મળશે.
- મીન: દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે. નહીં તો ભવિષ્ય માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

# અમરેલી જિલ્લા પંચાયતનાં સદસ્ય સહિત ૬ લોકો સામે પોલીસ ફરિયાદ

અમરેલી, તા.૦૫

સાવરકુંડલા તાલુકાના ખોડીયાણા ગામે રહેતા મનસુખભાઈ નનુભાઈ વાઘમશીએ સને ૨૦૧૩ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સુખાભાઈ બાઘાભાઈ મોર તથા લાલજીભાઈ બાઘાભાઈ મોર (રહે. બન્ને ખોડીયાણા તા. સાવરકુંડલા) વિરૂદ્ધ ગુનો દાખલ કરાવેલ હતો. જે ગુનો સાવરકુંડલા એડી.ચીફ કોર્ટમાં ચાલી જતા ગત તા. ૨૦/૧૨/૨૩ના રોજ સુખાભાઈ વિરૂદ્ધ ગુનો સાબિત થતા કોર્ટે તેને સજા ફરમાવેલ હતી. અને બીજા આરોપી લાલજીભાઈ મોરને શકનો લાભ આપી નિર્દોષ છોડી મુકેલ હતા. તે ચુકાદા સામે મનસુખભાઈ નનુભાઈ વાઘમશીએ ઉપરની કોર્ટમાં અપીલ દાખલ કરેલ હતી. સદર કેસ પાછો ખેંચી લેવા અને સમાધાન કરી લેવા સાવરકુંડલા તાલુકાના ખોડીયાણા ગામે રહેતા આરોપી સુખાભાઈ બાઘાભાઈ મોર, લાલજીભાઈ બાઘાભાઈ મોર, ધવલભાઈ લાલજીભાઈ મોર, કાનજીભાઈ ભાયાભાઈ બગડા તથા મનસુખભાઈ મનજીભાઈ વેકરીયા તેમજ સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા શરદભાઈ નાનાભાઈ ગોદાણીએ અવારનવાર વારાફરતી મનસુખભાઈ નનુભાઈ વાઘમશીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મરી જવા મજબુર કરતા જે માનસિક ત્રાસના લીધે મરણ જનારે સાવરકુંડલા કોર્ટમાં પોતાની જાતે ઝેરી દવા પી આપઘાત કરી લીધાની ફરિયાદ ગુણવંતભાઈ નનુભાઈ વાઘમશીએ સાવરકુંડલા પોલીસમાં નોંધાવી છે.

# રામપરા-૨ ગામે મકાન ભાડે આપી જાહેરનામાનો ભંગ કર્યો

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે કે, મકાન ભાડે આપતી વખતે પોલીસને જાણ કરવી. રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે રહેતા ટપુભાઈ કાથડભાઈ વાઘે પોતાનું મકાન આનંદ શર્મા રહે.બિહારવાળાને રૂા.૩ હજાર માસિક ભાડા પેટે આપી જાહેરનામાનો ભંગ કરતા પોલીસે મકાન માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.







**તંત્રી લેખ**

# એઆઈ ટેકનોલોજીનો સર્જનાત્મક ઉપયોગ થશે

એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ વધતો જાય છે અત્યારે પ્રશ્ન જાગે છે કે આ ટેકનોલોજી માનવજાતના કલ્યાણ માટે કાર્ય કરશે ખરી? કૃત્રિમ બુદ્ધિ (એઆઈ) આજે આપણા જીવનનો એક અભિન્ન ભાગ બની ચૂકી છે. આપણે દરરોજ એઆઈનો ઉપયોગ કરીએ છીએ, ભલે આપણને તેની ખબર હોય કે ના હોય. સોશિયલ મીડિયા પર સૂચનો મળવાથી લઈને સ્માર્ટફોનના વૉઈસ આસિસ્ટન્ટ સુધી, એઆઈએ આપણું જીવન વધુ સરળ અને અનુકૂળ બનાવ્યું છે. પરંતુ એઆઈનું ભવિષ્ય શું હશે? આ પ્રશ્નનો જવાબ આપવો થોડો મુશ્કેલ છે, કારણ કે આ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી વિકસિત થઈ રહી છે. એઆઈના ભવિષ્ય વિશે કેટલીક અનુમાનિત બાબતો જાણવી જરૂરી છે કારણ કે તે આપણા ભાવિનો આધાર છે. આ ટેકનોલોજી માનવ જાતને ઉચ્ચસ્તરે લઈ જશે કે પછી તેને ભૌતિક વિનાશને માર્ગે લઈ જશે તે કહેવું અત્યારે મુશ્કેલ છે પરંતુ આ ટેકનોલોજીથી માનવ જાતને અનેક ફાયદાઓ થઈ રહ્યા છે, સમય શક્તિનો બચાવ થઈ રહ્યો છે. આજે જીવનના દરેક ક્ષેત્રમાં એઆઈનો વ્યાપક ઉપયોગ વધી રહ્યો છે આગામી વર્ષોમાં, એઆઈ દરેક ક્ષેત્રમાં પોતાનું સ્થાન બનાવશે. આરોગ્ય, શિક્ષણ, વેપાર, ઉદ્યોગ અને ઘણા બધા ક્ષેત્રોમાં એઆઈનો ઉપયોગ થશે. ઉદાહરણ તરીકે, આરોગ્ય ક્ષેત્રમાં રોગોનું નિદાન કરવામાં અને નવા ઈલાજ શોધવામાં એઆઈ ખૂબ ઉપયોગી સાબિત થશે. મનુષ્ય અને મશીન વચ્ચેનું સહઅસ્તિત્વ સલામત રહેશે કે કેમ તેવો પ્રશ્ન આજે દરેકના મનમાં જાગે છે પરંતુ માનવીની ભૌતિક ક્ષમતા મૌલિક છે જ્યારે મશીનની બૌદ્ધિક ક્ષમતા કૃત્રિમ છે. ભવિષ્યમાં, મનુષ્ય અને મશીન એકસાથે કામ કરશે. મશીનો રોજિંદા કાર્યો કરશે અને મનુષ્યને વધુ જટિલ કાર્યો માટે સમય આપશે. આપણે ભવિષ્યમાં એવા કૃત્રિમ બુદ્ધિમત્તાવાળા રોબોટ જોઈ શકીએ છીએ જે મનુષ્ય જેવા જ કામ કરી શકશે. આવા રોબોટનો ઉપયોગ ઉદ્યોગ, સેવા ક્ષેત્ર અને ઘરમાં પણ થઈ શકે છે. એઆઈના વિકાસ સાથે નવી નોકરીઓનું સર્જન થશે. એઆઈને ડિઝાઈન કરવા, વિકસાવવા અને મેન્ટેન કરવા માટે નિષ્ણાતોની જરૂર પડશે. ટેકનોલોજીના વિકાસની સાથે સાથે માનવીની ચિંતાઓ પણ વધતી જાય છે. એઆઈના વિકાસ સાથે કેટલીક નવી ચિંતાઓ પણ ઉભી થશે. જેમ કે, ગોપનીયતા, નોકરી જવાની ભીતિ અને એઆઈના દુરુપયોગની બાબતોનો સમાવેશ થાય છે. એઆઈના ભવિષ્ય માટેના પડકારોમાં નૈતિક મુદ્દાઓ પણ આવી જાય છે. એઆઈ ટેકનોલોજી એક મશીનની ટેકનોલોજી છે તેને નૈતિકતા સાથે કોઈ જાતનો સંબંધ નથી, તેને કોઈ નૈતિકતાના ગુણધર્મો કે નૈતિકતાના સ્ટાન્ડર્ડ લાગુ પડતા નથી તે માત્ર ને માત્ર ઓર્ડરને ફોલો કરે છે તેને જે ઓર્ડર આપવામાં આવે છે તેનો તાત્કાલિક અમલ કરે છે. તેને ઓર્ડર આપવામાં આવે કે તમારા સંચાલકને મારી નાખો તો તે જ ક્ષણે તે તેના ઓપરેટરને પણ મારી નાખે તેવા ભયાનક પરિણામો પણ આ ટેકનોલોજીથી આવી શકે છે. થોડા સમય અગાઉ એક રોબોટે તેના ઓપરેટરને જ પતાવી દીધો હતો. આમ, આ મશીન દ્વારા અનેક જોખમો પણ સર્જાય છે. એઆઈનો વિકાસ કરતી વખતે નૈતિક મુદ્દાઓને ધ્યાનમાં રાખવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. એઆઈનો ઉપયોગ ક્યારેય માનવજાત માટે હાનિકારક ન થવો જોઈએ. એઆઈના વિકાસને નિયમિત કરવા માટે કાયદાઓ અને નિયમો બનાવવા જરૂરી છે.

# યુક્રેનથી માંડીને સીરિયા સુધી હાલ ચાલી રહેલા યુદ્ધનો અંત ક્યારે ?



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


યુક્રેનનું યુદ્ધ ૧૦૦૦ કરતાં વધુ દિવસોથી ચાલી રહ્યું છે આવી રીતે ખાડી યુદ્ધ પણ લાંબા સમયથી ચાલી રહ્યું છે જેને કારણે ભયાનક વિનાશ લીલા થઈ રહી છે. આ તમામનો અંત કેવી રીતે લાવવો તે આજે એક ગંભીર પ્રશ્ન બન્યો છે. યુક્રેનથી માંડી સીરિયા સુધીના યુદ્ધની લોકો પર ખૂબ જ ગંભીર અને વિનાશક અસરો થઈ છે. આ યુદ્ધના કારણે લાખો લોકો માર્યા ગયા છે, લાખો લોકો શરણાર્થી બન્યા છે અને દેશની અર્થવ્યવસ્થા તદ્દન પડી ભાંગી છે. એમાં મુખ્ય છે મૃત્યુ અને ઈજા. યુદ્ધમાં હજારો નિર્દોષ નાગરિકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. લાખો સીરિયન નાગરિકોને પોતાના ઘર છોડીને ભાગી જવું પડ્યું છે. તેઓ શરણાર્થી શિબિરોમાં રહેવા મજબૂર બન્યા છે. ભૂખમરો અને કુપોષણ સમસ્યા અતિ વિકટ છે. યુદ્ધના કારણે ખેતીવાડી અને ઉદ્યોગોને નુકસાન થયું છે, જેના કારણે ખાદ્ય પદાર્થોની અછત છે. આરોગ્ય સંકટ પણ જેવું તેવું નથી. યુદ્ધના કારણે હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને નુકસાન થયું છે અને દવાઓની અછત છે. શિક્ષણમાં વિક્ષેપ થવાથી શિક્ષણ પર ગંભીર અસર થઈ છે. યુદ્ધના કારણે શાળાઓ અને કોલેજો બંધ થઈ ગઈ છે અને ઘણા બાળકો શિક્ષણથી વંચિત રહી ગયા છે. માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ એટલા મોટા પ્રમાણમાં થઈ છે તેની સારવાર માટે કોઈ આયોજન નથી.યુદ્ધના આઘાતથી ઘણા લોકો માનસિક રોગોથી પીડાઈ રહ્યા છે. ભયાનક વિસ્ફોટ અને વિનાશથી માનવીના મન ઉપર ભયાનક અસર થાય છે. બાળ મજૂરી અને લગ્ન: યુદ્ધના કારણે ઘણા બાળકોને કામ કરવું પડે છે અથવા લગ્ન કરવા પડે છે. અપરાધ અને હિંસા: યુદ્ધના કારણે અપરાધ અને હિંસા વધી છે. આ બધું અટકાવવા માટે કોઈ મહત્વની વ્યવસ્થા નથી, કોઈ આયોજન નથી. યુદ્ધને કારણે દેશની અર્થવ્યવસ્થા પર ગંભીર અસર પડે છે. યુદ્ધના કારણે જે તે દેશની અર્થવ્યવસ્થા ભાંગી પડે છે. યુદ્ધની અર્થતંત્ર પરની અસરો વિશ્વના અન્ય દેશો પર પણ અસર કરે છે તેને કારણે મોંઘવારી વધતી જાય છે અને વિશ્વના બીજા દેશોના લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે, પેટ્રોલના ભાવ આસમાને ચડે છે, અન્ય ચીજ વસ્તુઓ પણ મોંઘી બને છે. યુદ્ધની અસર વિશ્વવ્યાપી જ છે તેનો કોઈ ઉકેલ જડતો નથી. યુદ્ધ એ માત્ર માનવજીવનને જ નહીં પરંતુ કોઈપણ દેશના અર્થતંત્રને પણ ઘણી ગંભીર અસરો કરે છે. આ અસરો ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની હોઈ શકે છે. ઉત્પાદનમાં ઘટાડો યુદ્ધની સૌથી મોટી અસર છે. યુદ્ધ દરમિયાન મોટાભાગના સંસાધનો લશ્કરી ઉત્પાદનમાં વપરાય છે, જેના કારણે અન્ય ક્ષેત્રોમાં ઉત્પાદન ઘટે છે. આનાથી માલની અછત અને મોંઘવારી વધે છે. રોજગારીની તકોમાં ઘટાડો થાય છે. યુદ્ધના કારણે ઘણા ઉદ્યોગો બંધ થાય છે અથવા ઓછી કામગીરી કરે છે, જેના કારણે બેરોજગારી વધે છે. મૂડીનો વિનાશ: યુદ્ધમાં ઘણા બધા ભૌતિક સંપત્તિ જેવા કે ઈમારતો, ફેક્ટરીઓ, રસ્તાઓ વગેરેનો નાશ થાય છે, જેના કારણે મૂડીનો વિનાશ થાય છે. સરકારી ખર્ચમાં વધારો થવાથી સરકાર લોક કલ્યાણના કામો કરી શકતી નથી. યુદ્ધ ખર્ચને પહોંચી વળવા માટે સરકારને ઘણો ખર્ચ કરવો પડે છે, જેના કારણે સરકારનું દેવું વધે છે. વિદેશી વેપાર પર અસર સામાન્ય લોકોને દેખાતી નથી પરંતુ આ અસરને કારણે મોંઘવારીમાં વધારો થાય છે. યુદ્ધના કારણે દેશો વચ્ચેનો વેપાર ઘટે છે અને વિદેશી રોકાણ પણ ઘટે છે. યુદ્ધને કારણે લાંબા ગાળાની અસરો પણ જેવી તેવી નથી. યુદ્ધના કારણે આર્થિક વિકાસ ધીમો પડી જાય છે અને તેને પુનઃસ્થાપિત કરવામાં ઘણો સમય લાગે છે. સામાજિક અસમાનતા વધે છે. યુદ્ધના કારણે સામાજિક અસમાનતા વધે છે અને તેને કારણે ગરીબી વધે છે. યુદ્ધના કારણે રાજકીય અસ્થિરતા વધે છે અને દેશમાં રાજકીય પરિવર્તન આવી શકે છે. યુદ્ધ દરમિયાન ઘણી નવી ટેક્નોલોજીનો વિકાસ થાય છે, જે લાંબા ગાળે આર્થિક વિકાસમાં મદદરૂપ થઈ શકે છે. આના નિષ્કર્ષ રૂપે કહી શકાય કે યુદ્ધ એ માનવતા માટે સૌથી મોટો વિનાશ છે અને તેનાથી કોઈપણ દેશનું અર્થતંત્ર ગંભીર રીતે પ્રભાવિત થાય છે. યુદ્ધને રોકવા માટે સમગ્ર વિશ્વએ મળીને પ્રયાસ કરવો જોઈએ. યુદ્ધમાં સામેલ દેશોના અર્થતંત્રના પુનઃસ્થાપન માટે પ્રયાસો સમય સાથે મળીને કરવા જોઈએ આ પૂરતું જ નહીં પરંતુ વિશ્વના બીજા દેશોમાં પણ યુદ્ધને કારણે મોંઘવારીમાં જે વધારો થયો હોય તેમાં કેવી રીતે રાહત મળે તેના પગલા સંયુક્ત રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિચારવા જોઈએ. યુદ્ધ પછી પુનર્નિર્માણ એ એક લાંબી અને જટિલ પ્રક્રિયા હોય છે, જેમાં ઘણા બધા પરિબળો નિર્ભર હોય છે. કોઈ પણ યુદ્ધ પછીની સ્થિતિ અન્ય કરતાં અલગ હોય છે, તેથી પુનર્નિર્માણની પ્રક્રિયા પણ અલગ અલગ હોઈ શકે છે. યુદ્ધ પછી પુનર્નિર્માણ માટેના કેટલાક સામાન્ય પગલાં નીચે મુજબ છે. એમાં સૌથી પ્રથમ સ્થાને આવે છે. તત્કાલ સહાય- ખોરાક, પાણી, આશ્રય જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવી, ઘાયલોની સારવાર અને મૃતકોને દફનાવવા, રોગચાળાને રોકવા માટે આરોગ્ય સેવાઓની વ્યવસ્થા કરવી, પુનર્વસન- વિસ્થાપિત લોકોને તેમના ઘરે પાછા ફરવામાં મદદ કરવી, નવા ઘરો અને બંધારણો બનાવવા, પાણી અને વીજળી જેવી મૂળભૂત સુવિધાઓ પુનઃસ્થાપિત કરવી, અર્થવ્યવસ્થાનું પુનર્નિર્માણ કરવું, ઉદ્યોગોને ફરીથી શરૂ કરવા અને નવા ઉદ્યોગો શરૂ કરવા, ખેતીને પુનઃસ્થાપિત કરવી, રોજગારની તકો પેદા કરવી, સમાજનું પુનર્નિર્માણ કરવું, શિક્ષણ અને આરોગ્ય સેવાઓને પુનઃસ્થાપિત કરવા, કાયદો અને વ્યવસ્થા સ્થાપિત કરવી, સમાજમાં શાંતિ અને સુરક્ષા સ્થાપિત કરવી. આ ઉપરાંત દેશવાસીઓના માનસિક સ્વાસ્થ્ય અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવી. લોકોને યુદ્ધના આઘાતમાંથી બહાર આવવા માટે માનસિક સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવી.પુનર્નિર્માણની પ્રક્રિયામાં ઘણા બધા પડકારો હોય છે, જેમ કે વિનાશનું પ્રમાણ જાણવા સર્વે કરીને માહિતી મેળવવી પડે કે કેટલો વિનાશ થયો છે. તેના આધારે પુનર્નિર્માણમાં લાગતો સમય અને સંસાધનો બદલાય છે. અહીં રાજકીય સ્થિરતા પણ અતિ મહત્વની છે. રાજકીય સ્થિરતા- રાજકીય સ્થિરતા ન હોય તો પુનર્નિર્માણની પ્રક્રિયામાં વિક્ષેપ પડી શકે છે. આંતરરાષ્ટ્રીય સહાય તથા અન્ય દેશો અને સંસ્થાઓની મદદ વિના પુનર્નિર્માણની પ્રક્રિયા ધીમી પડી શકે છે. સમાજમાં વિભાજન: યુદ્ધના કારણે સમાજમાં વિભાજન થઈ શકે છે, જે પુનર્નિર્માણની પ્રક્રિયાને અસર કરી શકે છે. પુનર્નિર્માણ એ એક લાંબી અને જટિલ પ્રક્રિયા છે, પરંતુ તે શક્ય છે. સફળ પુનર્નિર્માણ માટે, સરકાર, નાગરિક સમાજ અને આંતરરાષ્ટ્રીય સમુદાયનો સહયોગ જરૂરી છે. અહીં કેટલાક ઉદાહરણો છે જે તમે ધ્યાનમાં લઈ શકો છો. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જર્મની અને જાપાનનું પુનર્નિર્માણ દાખલા રૂપ છે. આ બંને દેશોએ યુદ્ધ પછી વિનાશની સ્થિતિમાંથી ઊભા થઈને વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓ બનાવી. યુગોસ્લાવિયાના યુદ્ધ પછી બાલ્કન દેશોનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું. આ દેશોએ યુદ્ધ પછી રાજકીય અને સામાજિક સ્થિરતા સ્થાપિત કરવામાં ઘણો સમય લગાવ્યો. સીરિયાના ગૃહયુદ્ધ પછી સીરિયાનું પણ પુનર્નિર્માણ કરવામાં આવ્યું. આ દેશ હજુ પણ યુદ્ધની વિનાશક અસરોથી પુનઃપ્રાપ્ત થવાનો પ્રયાસ કરી રહ્યો છે. સીરિયા યુદ્ધની અસરો ફક્ત સીરિયા સુધી મર્યાદિત નથી રહી. આ યુદ્ધના કારણે આખા મધ્ય પૂર્વમાં અસ્થિરતા ફેલાઈ છે અને યુરોપ અને અન્ય દેશોમાં શરણાર્થી સંકટ ઉભું થયું છે. સીરિયા યુદ્ધ એ માનવતા માટે એક મોટું સંકટ છે. આ યુદ્ધનો જલ્દીથી અંત આવે તેવી આશા રાખવામાં આવી હતી પરંતુ તેમાં પૂરી સફળતા મળી નથી. યુદ્ધનો અંત લાવવો એ એક જટિલ અને સંવેદનશીલ વિષય છે. યુદ્ધના કારણો અને પરિસ્થિતિઓ અલગ-અલગ હોવાથી, તેનો કોઈ એક સરળ ઉકેલ નથી. જો કે, યુદ્ધને રોકવા અને શાંતિ સ્થાપવા માટે કેટલાક સામાન્ય માર્ગો છે. વાતચીત અને રાજદ્વારી માર્ગ: યુદ્ધનો અંત લાવવાનો સૌથી શ્રેષ્ઠ માર્ગ એ છે કે સંઘર્ષરત પક્ષો બેસીને વાતચીત કરે અને સમસ્યાનો શાંતિપૂર્ણ ઉકેલ શોધે.

**આજે વિશ્વમાં અડધો ડઝન કરતા વધારે દેશોમાં યુદ્ધ ચાલી રહ્યા છે. જેને કારણે ભયાનક વિનાશ થઈ રહ્યો છે સાથોસાથ માનવીય સંકટ ઊભુ થયું છે. લાખો નિર્દોષ લોકો અને માસુમ બાળકો મૃત્યુ પામ્યા છે એના કરતા અનેક ગણાં વધુ ઘાયલ થયા છે તેને માટે આ યુદ્ધો અટકવા જોઈએ.**

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૯૯ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૭૫૩ |
| જુવાર પીળી | ૩૨૬ | ૪૭૦ |
| બાજરી | ૩૫૦ | ૫૫૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૭૭૨ |
| ચણા પીળા | ૧૧૨૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૪૭૮ |
| અડદ | ૧૩૫૦ | ૧૬૮૦ |
| મગ | ૧૦૬૧ | ૧૮૨૫ |
| વાલ દેશી | ૧૦૩૦ | ૧૪૯૦ |
| ચોળી | ૧૧૦૦ | ૨૩૦૦ |
| મઠ | ૭૭૫ | ૧૧૬૫ |
| વટાણા | ૧૨૦૦ | ૨૩૭૫ |
| કળથી | ૯૫૦ | ૧૧૭૫ |
| સીંગદાણા | ૧૩૪૦ | ૧૪૩૦ |
| મગફળી જાડી | ૮૮૫ | ૧૨૧૦ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૧૯૦ |
| તલી | ૨૧૨૧ | ૨૬૭૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૬ |
| અજમો | ૧૩૭૦ | ૧૭૫૦ |
| સુવા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| સોયાબીન | ૭૯૦ | ૮૯૧ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૪૩૬ |
| લસણ | ૪૧૫૦ | ૫૪૦૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૫૨૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૫૫ | ૧૨૯૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૮૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૨૮૦ |
| કલોંજી | ૩૫૨૫ | ૩૭૭૯ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૧૨૫ | ૫૪૩૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૯૬૦ |
| બટેટા | ૩૬૦ | ૬૮૧ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૬૧૦ |
| ટમેટા | ૬૫૦ | ૯૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૫૦ |
| કોથમરી | ૫૦૦ | ૮૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૬૦ | ૨૪૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૪૫૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૫૦ |
| દુધી | ૧૦૦ | ૧૬૦ |
| કારેલા | ૫૦૦ | ૭૩૦ |
| સરગવો | ૬૦૦ | ૨૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૫૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૫૦ | ૫૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| તુવેરસીંગ | ૮૦૦ | ૧૦૬૦ |
| ગલકા | ૩૫૦ | ૬૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૫૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૭૫૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૫૦ | ૧૦૫૦ |
| ચણા લીલા | ૩૫૦ | ૯૨૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૫૫૦ | ૭૮૦ |
| લસણ લીલું | ૨૨૦૦ | ૪૫૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૫ | ૧૦૫૩ |
| ગિરનાર શીંગ | ૧૦૭૦ | ૧૨૬૫ |
| શિંગ મોટી | ૮૦૧ | ૧૨૧૮ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| તલસફેદ | ૧૭૦૦ | ૨૭૧૫ |
| તલકાળા | ૩૫૫૫ | ૪૩૧૦ |
| બાજરો | ૪૮૦ | ૫૨૫ |
| જુવાર | ૪૦૦ | ૯૯૦ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૬૧ | ૬૪૬ |
| મગ | ૭૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૭૯૦ | ૧૪૬૦ |
| ચણા | ૬૩૦ | ૧૪૫૦ |
| ચોળી | ૧૮૨૦ | ૧૮૨૦ |
| કપાસ | ૭૦૫ | ૧૪૭૦ |
| એરંડા | ૬૦૦ | ૧૨૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૩૯૦ |
| ધાણા | ૧૨૬૫ | ૧૪૨૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૮ |
| રજકાનું બી | ૩૩૦૦ | ૫૩૯૦ |
| મરચાલાંબા | ૫૦૦ | ૨૪૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૫૧૦ | ૫૭૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીઝ | ૩૨૦ | ૪૦૦ |
| શકકરિયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૮૨૦ | ૧૦૪૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૬૦૦ | ૮૨૦ |
| દુધી | ૧૦૦ | ૨૫૦ |
| કારેલા | ૪૫૦ | ૬૨૦ |
| ગલકા | ૪૩૦ | ૬૪૦ |
| મુળા | ૨૨૦ | ૪૫૦ |
| કાકડી | ૩૪૦ | ૬૫૦ |
| ગુવાર | ૬૨૦ | ૧૦૨૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચોળાશીંગ | ૫૦૦ | ૬૪૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૫૦ |
| આમળા | ૫૬૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૪૦ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલા | ૭૭૦ | ૧૧૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૧૧૮૦ |
| ડુંગળી લીલી | ૩૪૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૮૧૦ |
| લસણ લીલું | ૪૦૦૦ | ૫૦૦૦ |
| લસણ સુકુ | ૫૪૦૦ | ૬૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૪૦ |
| પાલક | ૩૫૦ | ૬૫૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૦ |
| બાજરો | ૫૦૫ | ૫૭૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૦૧ |
| અડદ | ૧૧૪૫ | ૧૫૬૦ |
| ચોળી | ૧૬૫૫ | ૩૨૨૦ |
| ચણા | ૮૦૦ | ૧૩૪૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૫૩૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૦ |
| રાયડો | ૯૦૦ | ૧૧૦૦ |
| લસણ | ૩૦૦૦ | ૫૪૭૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૮૦ |
| અજમો | ૧૮૫૦ | ૩૧૧૫ |
| ધાણા | ૧૦૮૦ | ૧૪૩૫ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૮૩૦ |
| મરચા સૂકા | ૭૦૦ | ૨૬૩૦ |
| સોયાબીન | ૭૧૫ | ૮૬૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૫૬ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૪૬ |
| સિંગ ફાડીયા | ૮૧૧ | ૧૨૬૧ |
| એરંડા/એરંડી | ૧૧૬૧ | ૧૨૪૬ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૬૫૧ |
| કલંજી | ૧૫૨૬ | ૩૪૫૧ |
| વરીયાળી | ૫૦૦ | ૧૧૦૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૩૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૬૫૧ |
| મઠ | ૭૭૧ | ૭૭૧ |
| તુવેર | ૪૦૦ | ૧૯૪૧ |
| રાય | ૮૭૧ | ૧૨૧૧ |
| મેથી | ૩૦૦ | ૧૨૨૧ |
| કાંગ | ૬૭૬ | ૧૦૭૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૩૫૧ |
| તલ - તલી | ૧૮૩૦ | ૨૬૪૧ |
| ઇસબગુલ | ૧૬૦૦ | ૧૭૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૫૧ |
| બાજરો | ૪૫૧ | ૫૬૧ |
| જુવાર | ૪૮૧ | ૭૭૧ |
| મકાઇ | ૪૭૧ | ૪૮૧ |
| મગ | ૧૦૧૧ | ૧૬૯૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| વાલ | ૮૮૧ | ૧૩૮૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૨૫૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૯૧ |
| ગોગળી | ૭૯૧ | ૯૩૧ |
| વટાણા | ૮૦૦ | ૨૬૫૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૫ | ૧૪૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૪૦ |
| મગફળી | ૧૧૨૮ | ૧૧૮૨ |
| મગફળી બી.ટી. | ૧૧૨૮ | ૧૧૮૨ |
| અડદ | ૧૧૬૫ | ૧૪૩૫ |
| ઘંઉ | ૫૩૦ | ૫૫૦ |
| તલ | ૧૯૭૦ | ૨૪૪૦ |
| જીરૂ | ૪૦૧૫ | ૪૨૭૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૧૭ | ૧૨૨૩ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૭૫ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૨૧૧ |
| તલ | ૨૨૧૧ | ૨૫૭૬ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૫૦૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૦ |
| બાજરો | ૫૦૦ | ૭૦૦ |
| જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| મઠ | ૯૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૯૫૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૫૬ | ૧૧૫૬ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૩૦ | ૮૧૫ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૯૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૭૫ |
| અડદ | ૯૦૦ | ૧૪૭૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૧૧ |
| શિંગફાડા | ૯૫૦ | ૧૦૭૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૧૧ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૪૭૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૭૫ | ૧૪૬૫ |
| મગફળી | ૯૩૨ | ૧૧૪૯ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૭૪૫ | ૭૭૯ |
| અડદ | ૧૪૫૧ | ૧૪૫૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૪૨ |
| મગફળી | ૯૦૦ | ૧૦૬૫ |
| ઘઉં | ૫૭૫ | ૫૯૫ |
| ચણા | ૧૧૫૧ | ૧૩૩૫ |
| છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૨૭૫ | ૧૩૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૨૧ |
| સફેદ તલ | ૨૧૧૧ | ૨૧૧૧ |
| કાળા તલ | ૪૦૫૫ | ૪૦૫૫ |
| ચોળી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| મગ | ૧૨૯૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૫૭ |
| મગફળી ૩૨ નં. | ૯૨૫ | ૧૦૮૦ |
| બાજરી | ૫૨૫ | ૬૦૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૩૮ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૩૭૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૩૮૫૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૨૯ |
| જુવાર | ૬૦૦ | ૮૩૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૮૦ |
| રજકો | ૩૫૦૦ | ૫૦૦૦ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૪૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૯૨૧ | ૧૧૩૬ |
| તલ | ૨૦૨૪ | ૨૪૯૧ |
| તલ પીળા | ૪૨૦૧ | ૪૨૦૧ |
| કપાસ | ૧૩૨૦ | ૧૪૬૦ |
| બાજરો | ૫૬૧ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૩ |
| જુવાર | ૫૮૯ | ૮૦૩ |
| મગ | ૧૭૦૦ | ૨૪૦૦ |
| મઠ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૩૯૩ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| સોયાબીન | ૬૬૧ | ૭૭૩ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૯ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૫૬૦ | ૭૮૨ |
| મગફળી | ૬૫૦ | ૯૦૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૨૦૦૫ | ૨૨૯૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૩૭૫ |
| ચણા સફેદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ચણા સોલે | ૨૨૦૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૧૯૦ |
| રાઈ | ૭૦૦ | ૭૦૦ |
| બાજરો | ૩૨૦ | ૫૩૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૯૮૫ | ૯૮૫ |
| શીંગ ૩૨ | ૯૧૧ | ૧૦૪૦ |
| શીંગ ૩૯ | ૯૩૯ | ૧૧૧૮ |
| જુવાર | ૩૩૩ | ૯૬૧ |
| બાજરી | ૪૪૨ | ૬૦૦ |
| ઘંઉ ટુકડા | ૫૪૬ | ૬૭૮ |
| અડદ | ૭૯૨ | ૨૦૦૦ |
| મઠ | ૫૦૧ | ૧૪૨૫ |
| મગ | ૧૧૫૦ | ૧૬૭૦ |
| મગ દેશી | ૧૬૦૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૭૨૦ | ૮૩૭ |
| ચણા | ૮૪૧ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૨૩૯૩ |
| ધાણા | ૯૦૧ | ૯૦૧ |
| રજકો | ૩૯૦૧ | ૩૯૦૧ |
| ડુંગળી લાલ | ૩૦૦ | ૮૯૮ |
| ડુંગળી જુની | ૬૫૫ | ૧૦૦૨ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૬૫૧ |
| કપાસ શંકર | ૧૩૮૧ | ૧૪૪૦ |
| નાળીયેર | ૭૪૦ | ૩૨૯૫ |

## શબ્દ સંજોગ-૧૯૧૧



**આડી ચાવી :**
(૧) ઘોડો (૩)
(૪) હંસ (૩)
(૭) તીખું...... (૫)
(૯) ગગન, આકાશ (૨)
(૧૦) કાંટો, વેર (૨)
(૧૧) અભિપ્રાય (૨)
(૧૨) સોળે સાન ને વીસે... આવવુ જ જોઈએ (૨)
(૧૩) નરાશ, કોશ (૨)
(૧૪) હથેળીના અંગૂઠાના ટેરવાથી ટચલી આંગળીના ટેરવા સુધીનું અંતર (૨)
(૧૬) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૧૮) સાંભળેલુ (૨)
(૧૯) મદમાતું, ચકચૂર (૨)
(૨૦) પકડ, સકંજો (૩)
(૨૨) મૂળ ગામ કે પ્રદેશ (પર્યાય અવળો) (૩)
(૨૪) પહોર-પહોરના આંતરે ઘડિયાળ વગાડાય છે તે (૩)
(૨૬) વેચાણનું નાણું (૩)
(૨૮) એક શાકભાજી (૩)
(૩૦) રાત્રે મચ્છરથી બચવા માટે આમાં સૂવુ પડે (૫)

**ઉભી ચાવી :**
(૨) ચાકરી, ચોરી (૩)
(૩) એક વિદેશી દારૂ (૨)
(૪) હઠ, દુરાગ્રહ (૩)
(૫) લાલ રંગનું (૨)
(૬) એક રાશિ (૨)
(૮) અંધારુ, અજ્ઞાન (૩)
(૯) ...મિલો સજના (૨)
(૧૦) ખલાસી, વહાણ ચલાવનારો (૩)
(૧૨) ડિઝાઈન (૨)
(૧૩) ભારતનું એક શહેર (૩)
(૧૪) ગોઠવણ, લાગ (૨)
(૧૫) સાચી હકીકત (૩)
(૧૭) ખેદ, દુઃખ (૨)
(૧૯) અર્થ, હેતુ (પર્યાય આ-અ) (૪)
(૨૧) કદમ, ડગલું (૨)
(૨૩) માતા-પિતાને કાવડમાં બેસાડીને જાત્રા કરાવનાર દીકરો (૩)
(૨૫) શરીરની અંદરનો એક અવયવ (૩)
(૨૭) ઈટાલીનું જાણીતું શહેર (૨)
(૨૮) "....રે.....તેરા રંગ કૈસા....." (૨)
(૨૯) પાસે, નજીક (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૦ જવાબ

**આડી ચાવી:** (૧) અગ્નિશમન (૫) સમીપ (૭) ટનલ (૮) ગવાર (૧૦) મોર (૧૨) પ્યારી (૧૪) પારસી (૧૬) માંદુ (૧૭) બેવડો (૧૮) સગડ (૨૧) રામણ (૨૨) મર (૨૩) કવિતા (૨૫) તરજુમો (૨૬) ગળતર.
**ઉભી ચાવી:** (૧) અલગ (૨) શટર (૩) મન (૪) નલ (૫) સમર (૬) પડધરી (૯) વામ (૧૦) મોહ (૧૧) મોર (૧૨) પ્યાદું (૧૩) આંબેડકર (૧૪) પાડો (૧૫) સીસમ (૧૬) માંડ (૧૯) ગણતર (૨૦) સુરમો (૨૨) મજુર (૨૪) તાગ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીનો યુવક લૂંટેરી દૂલ્હનનો શિકાર થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ


**યુવક પાસેથી પત્ની સહિત પાંચ લોકો રૂા. ૪.૫૪ લાખ ઉસેડી ગયા**

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં યુવાનો પરણવા લાયક થાય ત્યારે માતા-પિતા તેને પરણાવાના સપના જોતા હોય છે. લગ્નવાંચ્છુ યુવક પણ લગ્ન કરી ઠરીઠામ થવા ઈચ્છતો હોય છે. ત્યારે આવા લગ્નવાંચ્છુ યુવાનોને પરણવાની લાલચ આપી અમુક ઈસમો યુવક પાસેથી નાણા ખંખેરી નાસી જતાં હોવાની પોલીસ ફરિયાદ હવે છાશવારે બનવા પામી છે. આવો જ એક કિસ્સો અમરેલીનાં એક યુવક સાથે બન્યો છે. જેમાં યુવકે લગ્ન કર્યા બાદ પત્નીને પિયર મોકલ્યા પછી પત્નીનાં પિયરીયાઓ પત્નીને સાસરીમાં મોકલતા ન હોવાનું સામે આવતા યુવકે પત્ની સહિત પાંચ લોકો સામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમરેલીનાં કંસારા બજારમાં રહેતા જય અરવિંદભાઈ પરમારે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, આરોપીઓ સુનીલ પટેલ, જયેન્દ્ર પટેલ, કેશુ પટેલ, પત્ની દીપીકા અને દીપીકાના માતાએ એકસંપ થઈ યુવકને વિશ્વાસમાં લઈ લગ્ન કરવાના બહાને રૂા.૪.૫૪ લાખ મેળવી લઈ ફરિયાદી યુવકને ઘરે તેની પત્ની દીપીકાને ઘરે મોકલવા બાબતે ખોટા વાયદાઓ આપી આજદિન સુધી પત્ની દીપીકાને સાસરીમાં ન મોકલતા યુવકે પત્ની સહિત પાંચ લોકો સામે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાની તપાસ પીએસઆઈ કે.એસ.ડાંગર ચલાવી રહ્યા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર,તા.૦૫



રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠાના દાંતીવાડાથી આજરોજ ૧૦:૦૦ કલાકે રાજ્યવ્યાપી રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો પ્રારંભ કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં કરાવશે. આ રવી કૃષિ મહોત્સવ તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન ૨૪૬ તાલુકા મથકોએ રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમયાનુરૂપ ટેકનોલોજીના ઉપયોગથી ખેતી દ્વારા ધરતીપુત્રોને સમૃદ્ધ કરવાના ઉદાત અભિગમ સાથે કૃષિ મહોત્સવની નવતર પરંપરાની શરૂઆત ૨૦૦૫થી કરાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં એ પરંપરાને આગળ ધપાવતાં રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આ વર્ષે રવી કૃષિ મહોત્સવનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કૃષિ મહોત્સવમાં વિવિધ ટેક્નીકલ માર્ગદર્શન સેમિનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતિશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે.

# ધારીને નગરપાલિકાની ભેટ અપાવવા બદલ ધારાસભ્ય કાકડીયાને ચલાલા ભાજપ દ્વારા અભિનંદન

ચલાલા, તા.૦૫




ધારીના લોકોની વર્ષોની રજૂઆત બાદ સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડીયાના પ્રયાસોથી શહેરના લોકોને નગરપાલિકાની ભેટ મળી છે. આથી ચલાલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હિંમતભાઈ દોંગા, ગીતાબેન કારીયા, પાલિકા પૂર્વ ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓએ ધારાસભ્યની કામગીરીને બિરદાવીને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે, તેમ શહેર ભાજપના પૂર્વ મહામંત્રી પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

# ધોરાજીના સાઈડિંગ પ્લોટ વિસ્તારમાં કચરાનો ગંજ : ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું

ધોરાજી, તા.૦૫



ધોરાજી શહેરના સાઈડિંગ પ્લોટ વિસ્તારમાં કચરા અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. આ વિસ્તારમાં આવેલા પ્લાસ્ટિક અને સ્ક્રેપના યુનિટો દ્વારા જાહેર રસ્તા પર વાહનો ભાંગવાનું કામ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે રોડ રસ્તા અને ફૂટપાથ પર કચરાના ઢગલા થયા છે. વાહનોના ભંગાર અને પ્લાસ્ટિકના કચરાથી રસ્તાઓ બંધ થઈ ગયા છે. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સાઈડિંગ પ્લોટની બાજુમાં આવેલ જૂનાગઢ રોડ મુખ્ય માર્ગ પર પણ કચરાના ઢગલા જોવા મળે છે. સ્ટેશન પ્લોટમાં પણ સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે નગરપાલિકા તંત્ર આ વિસ્તારમાંથી કચરાના ઢગલા દૂર કરે અને હંગામી દબાણો હટાવે અને દરરોજ કચરાનું કલેક્શન કરવામાં આવે જેથી શહેરમાં સ્વચ્છતા રહે.

# ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીને તખુભાઈ સાંડસુરે અર્પણ કર્યું પુસ્તક

અમરેલી, તા.૦૫



ગુજરાતની શિક્ષણ પ્રણાલીને પ્રકાશિત કરતું એક અનોખું પુસ્તક મારી શાળાઃ આચાર અને નવાચાર એ રાજ્યની શૈક્ષણિક ક્ષેત્રની ઉત્કૃષ્ટ સંસ્થાઓનો વિગતવાર પરિચય આપે છે. સંપાદક તખુભાઈ સાંડસુરે આ પુસ્તકને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને અર્પણ કર્યું છે. પુસ્તક ગુજરાતની નમૂનેદાર શૈક્ષણિક સંસ્થાઓના આચાર, નવાચાર અને સફળતાની કહાનીઓનો સમાવેશ કરે છે.

# ઓડિટ દરમિયાન લીલીયા તાલુકાના આચાર્યો પાસેથી ઉઘરાણાની તપાસ સોંપાઈ

**એસએસએનાં એકાઉન્ટ ઓફિસરને રિપોર્ટ કરવા જણાવાયું**

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં ઓડિટ માટે લીલીયા તાલુકાના આચાર્યો પાસેથી રૂા.૭૦૦ના ઉઘરાણા કરવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના મહામંત્રી મહેન્દ્રભાઈ કાવઠીયાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, બીઆરસી કો.ઓર્ડીનેટર લીલીયાના અભિષેકભાઈ ઠાકર અને સીઆરસી પ્રવિણભાઈ રાખશીયા દ્વારા દરેક આચાર્ય પાસેથી ઓડિટ ફી પેટે ૭૦૦ રૂપિયાનું ઉઘરાણુ કરવામાં આવી રહ્યુ છે.


આ ઉઘરાણી શા માટે કરાય છે તેની તપાસ કરવા અંતમાં મહેન્દ્રભાઈ કાવઠીયાએ જણાવ્યું હતું.

રજૂઆતનાં પગલે શિક્ષણ વિભાગ દ્વારા એસએસએનાં એકાઉન્ટ ઓફિસરને સમગ્ર મામલાની તપાસ સોંપાઈ છે. જેમાં લીલીયા તાલુકાના તમામ આચાર્યોનો જવાબ લેવામાં આવશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ધોરાજીના વાડોદર ગામે જર્જરીત ટાંકાની સમસ્યા હલ કરવા માંગણી

**સ્થાનિક લોકોને જર્જરીત ટાંકો ધરાશાયી થવાની ભીતિ**

ધોરાજી, તા.૦૫



ધોરાજીનાં વાડોદર ગામે લેઉવા પટેલ સમાજ જવાના રસ્તે પાણીના જર્જરીત ટાંકાની સમસ્યા હલ કરવા લોકો માગણી કરી રહ્યા છે. ટાંકો જર્જરીત હાલતમાં હોવાથી ગ્રામજનો ભયભીત બની ગયાં છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, આ ટાંકાની બાજુમાં અવેડો છે. મહિલાઓ પણ કપડાં ધોવા ત્યાં આવે છે.

# કોડીનારનાં કરેડા ગામે રોલર ફરી વળતાં શ્રમિકનું કરુણ મોત

કોડીનાર, તા.૦૫



કોડીનાર તાલુકાના કરેડા ગામે આજે સાંજે એક દુર્ઘટનામાં એક શ્રમિકનું મોત થયું છે. ગામમાં મેળાનું આયોજન હોવાથી ચાલુ કામમાં રોલરનો ઉપયોગ થતો હતો. આ દરમિયાન રોલર ચાલુ થઈ જતાં એક શ્રમિક દબાઈ જતાં તેનું મોત થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નગરપાલિકાના કોર્પોરેટર રોલર માલિક શાભાઈ ઉસ્માનભાઈ ખોજા નામના પ્રૌઢ કરેડા ગામે રોલર લઈને આવ્યા હતા. ગઈકાલે સાંજે પંચાયત ઓફિસ પાસે રોલર મૂક્યું હતુ અને આજે રોલર ચાલુ થતું ન હોય સલીમભાઈ નામના શ્રમિક વાયરિંગ ચેક કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક રોલર ચાલુ થઈ ગયું હતું અને સલીમભાઈ પર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ ગામમાં શોકનું વાતાવરણ ફેલાયું છે. સલીમભાઈના પરિવાર પર આફત તૂટી પડી છે. સલીમભાઈ ચાર બાળકોના પિતા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે.

# આર્મી ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત ફરેલા યુવા સૈનિકનું ભવ્ય સ્વાગત

ગારીયાધાર, તા.૦૫



ગારીયાધાર તાલુકાના માંડવી ગામના વતની હિતેશભાઈ રમેશભાઈ આહિર સૈન્યમાં પસંદ થયા છે. લશ્કરી તાલીમ પૂર્ણ કરીને તેઓ વતન પરત ફર્યા હતા. તેમના સ્વાગત માટે માંડવી આહીર સમાજ દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૪-૧૨ના રોજ બપોરના ૩:૦૦ કલાકે હિતેશભાઈનું પીઠડ માતાજીના મઢે સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંજે ૭:૦૦ કલાકે ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે માંડવી ગામના પૂર્વ સરપંચ રાવતભાઈ ડેર, આહીર અગ્રણી અને ગારીયાધાર તાલુકા પંચાયત સદસ્ય સહિતના આગેવાનો જોડાયા હતા.

# શિક્ષણ વ્યવસ્થાની ખામીનાં કારણે ખ્યાતિ હોસ્પિટલ જેવા કાંડ થાય છે : પ્રફુલ પાનસેરિયા

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૦૫



ગાંધીનગર ખાતે આજે વાઈસ ચાન્સેલર સમિટમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા ભાવુક થયા હતા. નવી શિક્ષણ નીતિ અમલીકરણ, વૈશ્વિક પ્રવાહો, ખૂટતી બાબતોની ઓળખ પર એક સમિટનું આયોજન થયું હતું. જેમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ પોતાનું નિવેદન આપ્યું હતું. અહીં વિવિધ મુદ્દાઓ પર ભાષણમાં અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલના કાંડથી રાજ્યના શિક્ષણમંત્રી વ્યથિત થયા હતા. પ્રફુલ પાનસેરિયાએ કહ્યું, શિક્ષણ વ્યવસ્થામાં ખામી હશે તો જ આવા કાંડ થયા. મૂલ્ય શિક્ષણ આપવામાં ઉણા ઉતર્યા હોવાનું કહેતા પ્રફુલ પાનસેરિયા ભાવુક થયા હતા. જી હા...ખ્યાતિ હૉસ્પિટલ કાંડ મુદ્દે શિક્ષણમંત્રીનું દર્દ છલકાયું હતું. તેમણે કહ્યું કે, ''આપણી શિક્ષણ વ્યવસ્થામાં કોઈ ખામી તો હશે જ', જેથી ડૉક્ટર બન્યા બાદ ખ્યાતિ હોસ્પિ. જેવા કાંડ થાય, શિક્ષણ પછી વિદ્યાર્થી જાતિવાદ કરે તો આપણી ઉણપ છે. આપણે તેમનામાં મૂલ્ય નિષ્ઠા આપવામાં ઉણા ઉતર્યા હોઈશું. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, માત્ર વિદ્યાર્થીઓને ડિગ્રી આપવાની વાત ન હોવી જોઈએ. વિદ્યાર્થીઓ વિચારધારા સાથે હોવા જોઈએ. અમે ખાનગી યુનિવર્સિટી સાથે પણ માહિતી માંગી રહ્યા છીએ. સરકાર પાસે તમામ ખાનગી યુનિવર્સિટીની વિગતો હોવી જરૂરી છે.

# સોનગઢ કન્યા છાત્રાલય ખાતે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો



ભાવનગર, તા.૦૫

ભાવનગરના સોનગઢમાં આવેલી કમળાબા કાન્યા છાત્રાલયમાં નિઃશુલ્ક દાંતનો નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ અમરગઢનાં ઈન્ટર્ન વિદ્યાર્થિની ડો. અમિષાબેન પરમારના સહયોગથી તા.૨૮/૧૧/૨૦૨૪ના રોજ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૫૧ લોકોએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો.

# પુરૂષ નસબંધી પખવાડિયા અંતર્ગત આજે ચાવંડ ખાતે જિલ્લા કક્ષાનો કેમ્પ

અમરેલી,તા.૦૫

કેન્દ્ર સરકારના કુટુંબ નિયોજન કાર્યક્રમમાં પુરુષોનો ફાળો વધારવા પુરુષ નસબંધી પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ અભિયાનના ભાગરુપે આગામી તા.૦૬ ડિસેમ્બરને શુક્રવારના રોજ ચાવંડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાનો કેમ્પ યોજાશે. આ કેમ્પમાં ભાવનગરના **NSV** સર્જન ડૉ. બોરિયા સેવા આપશે. આ પખવાડિયા દરમિયાન જિલ્લામાં વિવિધ પ્રકારના કુટુંબ નિયોજન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગ્રુપ મિટિંગ, આરોગ્ય કર્મચારીઓએ દંપતીની રુબરુ મુલાકાત કરી તેમને પુરુષ નસબંધી અને તેને લગતી વિગતોનું માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્ય કર્મચારીઓએ દંપતીઓમાં આ અંગે જાગૃતિ આવે તે માટે પ્રચાર-પ્રસારની કામગીરી કરી હતી. નાગરિકો વાંચી શકે તે રીતે અમરેલી જિલ્લાના પ્રત્યેક પ્રાથમિક અને આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર પર પ્રચાર-પ્રસારનું સાહિત્ય, સ્ટેન્ડી અને બેનરો દ્વારા કુંટુંબ નિયોજન જાગૃતિ પ્રસરાવવામાં આવે છે.


**સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી બોયઝ કોલેજ પ્લાનીંગ**
**સંકુલ M.B.A બોયઝ કોલેજ પ્લાનીંગ - GTU - AICTE**
**સંકુલ M.C.A બોયઝ કોલેજ પ્લાનીંગ - GTU - AICTE**

★ બાયપાસ ગેઈટ નં. – 5 ન્યુ બિલ્ડીંગ – બપોર ની શીફ્ટ નું પ્લાનીંગ
★ Entry - Exit બારોબાર – ગર્લ્સ કેમ્પસ થી સંપૂર્ણ પણે સેપરેટ
★ સંકુલ નાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ – સ્ટુડન્ટ્સ નાં સુચન આવકાર્ય

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad 079


**-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૦૪/૨૦૨૪

**અરજદાર** :- શ્રી હિમંતભાઈ રાણાભાઈ વાડદોરીયા
રહે. વડેરા તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. વડેરા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વડેરા ગામના હિમંતભાઈ રાણાભાઈ વાડદોરીયા તેઓના ભાણેજ ચંદ્રિકાબેન ધીરૂભાઈ કાપડીયાની જન્મ (તા.૦૨/૦૭/૧૯૭૬) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૫/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-:: જાહેર નોટીસ ::-**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. લાઠી**

**જન્મ/મરણ પરચુરણ અરજ નંબર.: ૬૦/૨૦૨૪**

**અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી નવનીતભાઈ એન. મકવાણા**

વિવાદીઃ- બિબીબેન એહમદભાઈ ચુડેસરા
રહે. દામનગર, તા.:લાઠી, જી.:અમરેલી, મો.નં.: ૯૯૨૪૪ ૫૧૧૫૪

**-:વિરૂધ્ધઃ-**

પ્રતિવિવાદીઃ- શ્રી જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી- વ-**ચિફ ઓફિસર સાહેબ, ન.પા.કચરી-દામનગર**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે,કે અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાનાં મોજે **દામનગર,** ગામનાં રહીશ આ કામનાં અરજદારનાં પુત્ર **ચુડેસરા અબ્દુલભાઈ એહમદભાઈ**નો જન્મ **તા.:૦૧/૦૭/૧૯૯૧** નાં રોજ **દામનગર,** તા.: **લાઠી,** જી.: **અમરેલી** મુકામે થયેલ હોય જે તેમનાં જન્મની નોંધ કરવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.૨૧/૧૧/૨૦૨૪થી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમનાં મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.:૩૦/૧૨/૨૦૨૪નાં રોજ ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**મુ. : -લાઠી**
**તારીખ : ........**

કોર્ટનો સિક્કો

( )
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# પંજાબના માનસામાં હંગામો, ખેડૂતો અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ, અનેક પોલીસકર્મીઓ ઘાયલ

ચંદીગઢ,તા.૦૫

પંજાબના માનસામાં ભારે હંગામો થયો છે. ખેડૂતો અને પોલીસ વચ્ચેની હિંસક અથડામણમાં અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. પોલીસે વિરોધ કરી રહેલા ખેડૂતો પર લાઠીચાર્જ કર્યો હતો. ખેડૂતોએ પણ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. હિંસક અથડામણમાં ત્રણ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અને અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. એસએચઓ ભીખીના બંને હાથ



તૂટી ગયા છે. બીજી તરફ કેટલાક ખેડૂતો ઘાયલ થયાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. તમામ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કહેવામાં આવી રહ્યું છે કે માનસાના લેલેવાલા ગામમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. અથડામણ દરમિયાન ખેડૂતો અને પોલીસ અધિકારીઓ સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. ખેડૂતોએ માણસાથી લેલેવાલા સુધી કૂચ કરતાં તણાવ વધી ગયો હતો. ગુજરાત ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટને લઈને ખેડૂતો સરકાર સાથે અસંમત છે. પોલીસનું કહેવું છે કે જ્યારે ખેડૂતો ઉશ્કેરાઈ ગયા તો તેઓને લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

# પ્રધાનમંત્રી મોદી ૧૩ ડિસેમ્બરે પ્રયાગરાજ પહોંચી મહાકુંભની તૈયારીની સમીક્ષા કરશે

**મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૭ ડિસે.એ પ્રયાગરાજમાં થઈ રહેલી કામગીરી નિહાળશે**

લખનૌ,તા.૦૫

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ ડિસેમ્બરે મહાકુંભ ૨૦૨૫ની તૈયારીઓની સમીક્ષા કરવા માટે પ્રયાગરાજ આવશે. આ દરમિયાન પીએમ મોદી મહાકુંભ વિસ્તારમાં અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. પીએમ મોદીના આગમન પહેલા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતે ૭ ડિસેમ્બરે તમામ તૈયારીઓની સમીક્ષા કરશે. રાજ્ય સરકારે પ્રયાગરાજના સંગમ વિસ્તારમાં મહાકુંભનગરને નવા જિલ્લા તરીકે જાહેર કર્યું છે. એક સત્તાવાર નિવેદન અનુસાર વડાપ્રધાન મોદીના આગમન દરમિયાન, મહાકુંભનગર અને



પ્રયાગરાજને તે જ રીતે સજાવવાની યોજના છે જે રીતે લોકો કોઈપણ તહેવાર દરમિયાન તેમના ઘરને શણગારે છે. આ ક્રમમાં તમામ વિભાગોને તેમની ઓફિસો અને બિલ્ડીંગોને સજાવવા માટે સૂચના આપવામાં આવી છે. નિવેદન અનુસાર, ઈમારતોને રોશનીથી પ્રકાશિત કરવાની પણ યોજના છે. આ ઉપરાંત મુખ્ય ચોક અને રસ્તાઓને પણ દુલ્હનની જેમ શણગારવામાં આવશે. ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંતે તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવા સૂચના આપી છે. આ ઉપરાંત પીએમ મોદી જે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે તેને સમય પહેલા પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

# યોગી સરકાર મદરેસા એક્ટમાં સુધારો કરશે : ૧૨મા ધોરણથી આગળના શિક્ષણ પર પ્રતિબંધ રહેશે

લખનૌ,તા.૦૫

ઉત્તર પ્રદેશની યોગી સરકાર મદરેસા એક્ટમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહી છે. હવે રાજ્યમાં હાજર મદરેસાઓ હવે કામિલ (સ્નાતક) અને ફાઝિલ (અનુસ્નાતક) ડિગ્રી આપી શકશે નહીં કારણ કે યોગી સરકાર મદરેસા એક્ટમાં સુધારો કરીને તેમના કાર્યક્ષેત્રને ૧૨ ધોરણ સુધી મર્યાદિત કરવા જઈ રહી છે. આ સુધારા માટેની દરખાસ્ત સરકાર સ્તરે તૈયાર કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે આ કાયદામાં આ વર્ગોની ડિગ્રી પર પણ સવાલ ઉઠાવ્યા હતા. આમ છતાં યોગી સરકાર મદરેસા એક્ટમાં સુધારો કરવાની યોજના બનાવી રહી છે. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને પલટી નાખ્યો હતો અને કહ્યું હતું કે યુપી મદરેસા કાયદાની તમામ જોગવાઈઓ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતી નથી પરંતુ ૧૨મા ધોરણથી આગળ કામિલ અને ફાઝિલ પ્રમાણપત્ર આપતી મદરેસાઓને માન્યતા આપતી નથી.


**કટરાથી ત્રિકુટા ટેકરી પર સ્થિત પવિત્ર ગુફા અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૨ કિલોમીટર સુધી લાગુ રહેશે**

# કટરામાં વૈષ્ણોદેવી મંદિરની નજીક દારૂ અને માંસાહારી ખોરાક પર પ્રતિબંધ રહેશે

શ્રીનગર,તા.૦૫

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં વૈષ્ણોદેવી મંદિરની મુલાકાત લેતા તીર્થયાત્રીઓ માટેના બેઝ કેમ્પ કટરામાં દારૂ અને માંસાહારી ખોરાકના વેચાણ, કબજા અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે આ પ્રતિબંધ કટરાથી ત્રિકુટા ટેકરી પર સ્થિત પવિત્ર ગુફા અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૨ કિલોમીટરના માર્ગ પર લાગુ થશે.

તેમણે કહ્યું કે આ આદેશ જારી થયાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે. કટરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પીયૂષ ધોત્રાએ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩



હેઠળ કટરા અને આસપાસના વિસ્તારોમાં ઈંડા, ચિકન, મટન અને સી ફૂડ સહિત દારૂ અને માંસાહારી ખોરાકના વેચાણ, કબજા અને વપરાશ પર પ્રતિબંધ લાદ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રતિબંધ કટરાથી ત્રિકુટા ટેકરી પર સ્થિત પવિત્ર ગુફા અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૨ કિલોમીટરના માર્ગ પર લાગુ થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ આદેશ જારી થયાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે.

# પુષ્પા-૨ રિલીઝ થતા જ અલ્લુ અર્જુનને મળવા થિયેટરમાં નાસભાગ, મહિલાનું મોત

હૈદરાબાદ,તા.૦૫

અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ૨ રિલીઝ થઈ છે અને સાથે જ એક મોટી દુર્ઘટના સર્જાઈ ગઈ છે. ફિલ્મના પ્રીમિયર દરમિયાન થિયેટરમાં અલ્લુ અર્જુન પહોંચ્યો હતો. અલ્લુ અર્જુનને મળવા માટે થિયેટરમાં નાસભાગ મચી ગઈ. ભીડને કંટ્રોલ કરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો અને આ ઘટનામાં એક મહિલાનું મોત થયું અને ત્રણ લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. આ અંગે




જાણવા મળતી માહિતી અનુસાર હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં પુષ્પા ૨ ના સ્ક્રિનિંગ માટે અલ્લુ અર્જુન પણ પહોંચ્યો હતો. અલ્લુ અર્જુનને જોઈને ચાહકોમાં તેને મળવા માટે હડકંપ મચી ગયો.

# નવી સરકારની રચના પહેલા મહારાષ્ટ્રને ૧૫૯૫ કરોડ રૂપિયાની લોન મંજૂર કરતી વર્લ્ડ બેન્ક

મુંબઈ,તા.૦૫

વિશ્વ બેંકે મહારાષ્ટ્રમાં આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરવા ૧૮૮.૨૮ મિલિયન (રૂ. ૧૫૯૫ કરોડ)ની લોન મંજૂર કરી છે. એક મીડિયા રીલીઝમાં કહેવામાં આવ્યું છે કે આ લોનનો ઉપયોગ ખાસ કરીને પછાત જિલ્લાઓમાં વિકાસ કાર્યો માટે કરવામાં આવશે. બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૮૮.૨૮ મિલિયનનો ઉપયોગ મહારાષ્ટ્રના પછાત વિસ્તારોમાં વિકાસ માટે કરવામાં આવશે. જેમાં પછાત જિલ્લાઓમાં સંસ્થાકીય ક્ષમતાઓને મજબૂત કરવી, જિલ્લા સ્તરે આયોજન અને વિકાસ માટેની વ્યૂહરચનાઓનો અમલ કરવાનો સમાવેશ થાય છે. રોકાણ વધવાથી રાજ્યના પછાત જિલ્લાઓનો વિકાસ થશે અને રોજગારીની તકો વધશે. લોનના નાણાંનો ઉપયોગ આ જિલ્લાઓમાં





વિકાસ માટે જરૂરી ડેટા અને કુશળતા એકત્ર કરવા માટે કરવામાં આવશે. આનાથી વ્યવસાયો માટે ઈ-સરકારી સેવાઓમાં સુધારો થશે અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં પણ વધારો થશે. પ્રવાસન ક્ષેત્રમાં ખાસ કરીને ઝડપી ફેરફારોની અપેક્ષા છે. વિશ્વ બેંકમાં ભારતના ડાયરેક્ટર ઓગસ્ટે તાનો કૌમેએ જણાવ્યું હતું કે, "આ કાર્યક્રમ દ્વારા, વિવિધ સંસ્થાઓમાં વિચારશીલ રોકાણ કરવામાં આવશે અને જિલ્લા સ્તરે વધુ સારું સંકલન કરવામાં આવશે.

# અયોધ્યા અને સંભલમાં બાબરના સેનાપતિએ જે કર્યું તે બાંગ્લાદેશમાં થઈ રહ્યુ છે : યોગી આદિત્યનાથ

અયોધ્યા,તા.૦૫

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામાયણ મેળાનું ઉદ્ઘાટન કરતી વખતે યોગી આદિત્યનાથે બાંગ્લાદેશ અને સંભલ મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે બાબરના સેનાપતિએ ૫૦૦ વર્ષ પહેલા અયોધ્યા અને સંભલમાં જે કર્યું હતું, તે જ આજે બાંગ્લાદેશમાં થઈ રહ્યું છે. આ ત્રણેયનો સ્વભાવ એક છે. ત્રણેયના ડીએનએ સરખા છે. એસપી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ગુનેગારો અને ગુંડાઓના રક્ષણ વિના તેમની સ્થિતિ પાણી વિનાની માછલી જેવી થઈ જાય છે. યોગીએ કહ્યું, 'પડોશી દેશ (બાંગ્લાદેશ)માં દુશ્મનો કેવા પ્રકારની ગતિવિધિઓ કરી રહ્યા છે? યાદ રાખો, જો કોઈને કોઈ પ્રકારની ગેરસમજ હોય તો... બાબરના એક સેનાપતિએ પાંચસો વર્ષ પહેલાં અયોધ્યામાં જે કામ કર્યું



હતું, જે કામ સંભલમાં થયું હતું અને જે કામ આજે બાંગ્લાદેશની અંદર થઈ રહ્યું છે, તે ત્રણેયની પ્રકૃતિ, ત્રણેયનો ડીએનએ સમાન છે. જો કોઈ માને છે કે બાંગ્લાદેશમાં આવું થઈ રહ્યું છે, તો અહીં પણ વિભાજનકારી તત્વો તેમના માટે દ્વાર બનીને ઉભા છે, તેઓ સમાજના તાણને ફાડી રહ્યા છે. આ દરમિયાન યોગીએ સમાજવાદી પાર્ટી પર પણ નિશાન સાધ્યું હતું. સીએમએ કહ્યું કે રામ મનોહર લોહિયાને રાજનીતિમાં આદર્શોનું પ્રતિક માનવામાં આવતા હતા.

# હેમંતના કેબિનેટ મંત્રીઓએ શપથ લીધા, નવી ટીમમાં ૧૧ ધારાસભ્યોને મંત્રી બનાવાયા

રાંચી,તા.૦૫

હેમંત સોરેને મુખ્યમંત્રી પદના શપથ લીધાના ૫ દિવસ બાદ પોતાના કેબિનેટને અંતિમ સ્વરૂપ આપ્યું છે. આજે તમામ મંત્રીઓએ શપથ લીધા છે. સોરેન કેબિનેટમાં ઝારખંડ મુક્તિ મોરચામાંથી ૬, કોંગ્રેસમાંથી ૪ અને આરજેડીમાંથી ૧ મંત્રી બનાવવામાં આવ્યા છે. જેએમએમ ક્વોટામાંથી દીપક બિરુઆ, રામદાસ સોરેન, ચમરા લિન્ડા, યોગેન્દ્ર મહતો, હફીજુલ



અંસારી અને સુદિવ્યા સોનુ સામેલ છે. ઈરફાન અંસારી, દીપિકા પાંડે, શિલ્પી નેહા તિર્કી અને રાધાકૃષ્ણ કિશોરને કોંગ્રેસના કોટામાંથી મંત્રી બનાવવામાં આવ્યા છે. આરજેડીએ ગોડ્ડાના ધારાસભ્ય સંજય પ્રસાદ યાદવ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ઝારખંડ કેબિનેટમાં મુખ્યમંત્રી સોરેન પોતે સંથાલમાંથી આવે છે. દીપિકા પાંડે, ઈરફાન અંસારી, હફીઝુલ હસન અને સંજય પ્રસાદ પણ સંથાલના છે. એટલે કે કેબિનેટમાં કુલ ૫ મંત્રીઓ સંથાલ પરગણામાંથી બનાવવામાં આવ્યા છે. સંથાલમાં કુલ ૧૮ વિધાનસભા બેઠકો છે, જેમાંથી ભારત ગઠબંધન ૧૭ પર જીત્યું છે.

# મુઝફ્ફરપુરમાં છત પરથી પાણી પડવા બાબતે માતા-પુત્રની ગોળી મારી હત્યા

મુઝફ્ફરપુર,તા.૦૫

બિહારના મુઝફ્ફરપુરમાં પાણી ઢોળવાને લઈને વિવાદ એટલો વધી ગયો કે આરોપીઓએ વોર્ડ સભ્યની પત્ની અને પુત્રને ગોળી મારી દીધી. બે ઘરોની વચ્ચે એક કૂવો હતો, જેમાં છતમાંથી પાણી જતું હતું. આ પાણીને લઈને બંને ઘરો વચ્ચે ઝઘડો થતો હતો. એક દિવસ વિવાદ એટલો વધી ગયો કે આરોપી કાકા-ભત્રીજાએ માતા-પુત્રની હત્યા કરી નાખી. પોલીસને ઘટનાસ્થળેથી પાંચ શેલ મળી આવ્યા છે અને સ્થળ પરથી પુરાવા એકત્ર કર્યા છે. બંને આરોપીઓ ફરાર છે. આ ઘટના મુઝફ્ફરપુરના સદર પોલીસ સ્ટેશન વિસ્તારના પતાહી હરી ગામમાં બની હતી. અહીં, ઘરના ગટરના પાણીના મુદ્દે લડાઈ એટલી ગરમ થઈ ગઈ કે પડોશી કાકા અને ભત્રીજાએ મળીને સ્થાનિક વોર્ડ સભ્ય મદન સાહની પત્ની જાનકી દેવી અને પુત્ર રોહિત કુમારની ગોળી મારીને હત્યા કરી દીધી.

# કાશ્મીર-લદાખમાં હિમવર્ષાનો હાહાકાર તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે પહોચ્યુ

નવીદિલ્હી,તા.૦૫

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી પડી રહી છે, પરંતુ ડિસેમ્બરમાં પહેલા જેવી તીવ્ર ઠંડીના કોઈ સંકેત નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી-એનસીઆરમાં તીવ્ર ઠંડી માટે આપણે થોડા અઠવાડિયા રાહ જોવી પડી શકે છે. તે જ સમયે, કાશ્મીર અને લદ્દાખમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા બાદ ઠંડીનું



મોજું વધી ગયું છે.

કાશ્મીર ખીણના મોટાભાગના વિસ્તારોમાં રાત્રિનું તાપમાન શૂન્યથી નીચે રહ્યું હતું, જેમાં શ્રીનગરમાં માઈનસ ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે પહેલગામ માઈનસ ૪.૮ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઠંડું હતું. -૨.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ગુલમર્ગ ખીણમાં સૌથી ઠંડો પ્રદેશ રહ્યો. તમને જણાવી દઈએ કે હવામાન વિભાગે ૧૦ ડિસેમ્બર સુધી ખીણમાં હવામાનની પેટર્નમાં કોઈ ખાસ ફેરફાર નહીં થવાની આગાહી કરી છે, સિવાય કે કેટલીક જગ્યાએ હળવી હિમવર્ષા અને વરસાદની શક્યતા છે.

# ચીની હેકર્સે વિશ્વના દેશોને નિશાન બનાવ્યા, અમેરિકાની ૮ કંપની પર હુમલો

વોશિંગ્ટન,તા.૦૫

ચીની હેકર્સે દુનિયાના ઘણા દેશોને નિશાન બનાવ્યા છે. તેઓ વિવિધ દેશો અને તેમની જાણીતી કંપનીઓ પર સતત સાયબર હુમલાઓ કરી રહ્યા છે. ચીનના આ સાયબર હુમલાથી અમેરિકા પણ અછૂત નથી. વ્હાઈટ હાઉસનો આરોપ છે કે ચીને ઓછામાં ઓછી ૮ અમેરિકન ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ પર હુમલો કર્યો છે. એટલું જ નહીં, અમેરિકા સિવાય ચીને અન્ય





ઘણા દેશોના ટેલિકોમ્યુનિકેશન અને કમ્પ્યુટર નેટવર્ક પર પણ હુમલો કર્યો છે. વ્હાઈટ હાઉસનો દાવો છે કે ચીનના 'હેકિંગ' અભિયાનથી અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશો પ્રભાવિત થયા છે. વ્હાઈટ હાઉસ (અધિકારીક નિવાસસ્થાન અને અમેરિકી રાષ્ટ્રપતિનું કાર્યાલય)ના ટોચના અધિકારીએ બુધવારે આ માહિતી આપી. નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એની ન્યુબર્ગરે વ્યાપક ચાઈનીઝ 'હેકિંગ' ઝુંબેશ વિશે નવી વિગતો ઓફર કરી. વિગતો અનુસાર, ચીન દ્વારા કરવામાં આવેલા આ 'હેકિંગ' અભિયાનને કારણે બેઈજિંગમાં અધિકારીઓને અજાણ્યા અમેરિકનોના ખાનગી સંદેશાઓ અને ફોન પરની વાતચીતને ઍક્સેસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર બાબતે ભારતીય વિદેશ સચિવ ઢાકા પહોંચે તેવી સંભાવના

(એચ.એસ.એલ),ઢાકા,તા.૦૫

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલાઓને લઈને ભારત ચિંતિત છે. ભારતીય વિદેશ મંત્રાલયે ઘણી વખત બાંગ્લાદેશની વચગાળાની સરકારને હિન્દુઓ પર હુમલા રોકવાની માંગ કરી છે. આમ છતાં મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકાર આમાં નિષ્ફળ રહી છે. યુનુસ સરકારના ગઠન બાદ બંને દેશો વચ્ચે તણાવ વચ્ચે ભારતીય



વિદેશ સચિવ વિક્રમ મિસરી આગામી સપ્તાહે વિદેશ સચિવ સ્તરની બેઠક માટે બાંગ્લાદેશની મુલાકાત લઈ શકે છે.

વિદેશી બાબતોના સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસૈને જણાવ્યું હતું કે બાંગ્લાદેશ અને ભારત વચ્ચે નિર્ધારિત વિદેશ સચિવ-સ્તરની વાટાઘાટો ૯ કે ૧૦ ડિસેમ્બરે ઢાકામાં યોજાશે. શેખ હસીનાને વડાપ્રધાન પદેથી હટાવ્યા બાદ ૮ ઓગસ્ટે વચગાળાની સરકારની રચના થઈ ત્યારથી ભારત સરકારના કોઈ વરિષ્ઠ અધિકારીની બાંગ્લાદેશની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત હશે. હુસૈને અહીં વિદેશ મંત્રાલયમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "તે ખૂબ જ સ્પષ્ટ છે કે અમે (ભારત સાથે) સારા સંબંધો ઈચ્છીએ છીએ.

# પોરબંદરથી ઈરાન જતા જહાજની મધદરિયે જળસમાધિ, ૧૨ ખલાસીઓનો થયો બચાવ

પોરબંદર,તા.૫



ફરી એકવાર સલાયાના જહાજની ખરાબ હવામાનને લીધે મધદરિયે જળસમાધિ થઈ છે. મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરની ટીમ દ્વારા સલાયાના જહાજ પર સવાર ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. સલાયાના 'અલ પિરાને પીર' નામનું જહાજ ૨ દિવસ પહેલા પોરબંદરથી નીકળ્યું હતું. વહેલી સવારે ૮ વાગ્યા આસપાસ મધદરિયે ખરાબ હવામાનને લીધે જહાજ ડૂબવા લાગ્યું હતું. મુંબઈના મેરીટાઈમ રેસ્કયુ કોઓર્ડિનેશન સેન્ટરને જાણ કરાતા રેસ્કયુ ટીમ દ્વારા રેસ્કયુ કરવામાં આવ્યું હતું. જેમાં મધદરિયે ડૂબી રહેલ જહાજના તમામ ૧૨ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. બચાવેલ ખલાસીઓને પોરબંદર લાવવામાં આવશે. જહાજ નીકળ્યા બાદ આજે સવારે ૮ વાગ્યા આસપાસ ખરાબ હવામાનને લીધે મધદરિયે ફસાયું હતું. ત્યારે ખલાસીઓ દ્વારા ઈન્ડિયન સેલીંગ વેસલ્સ એસોસિએશનને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ આ ખલાસીઓની મદદ માટે નૌકાદળ આવી પહોંચ્યું હતું.

# જાફરાબાદના લોઠપુર ગામે ટાવર પરથી નીચે પટકાતા બે શ્રમિકોના મોત

જાફરાબાદ, તા.૦૫


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદના લોઠપુર ગામ નજીક વાડી વિસ્તારમાં પવનચક્કીની નાખવા માટે અહીં પવનની ગતિ જોવા માટે ટાવર ઉભો કરવામાં આવ્યો હતો. આ ટાવર ઉપર કર્ણાટકના બે મજૂરો ચડ્યા હતા. આ મજૂરો કોઈ કારણોસર નીચે પડતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બન્ને મજૂરોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે પરપ્રાંતીય શ્રમિકો એક ટાવર પર કામ કરી રહ્યાં હતા ત્યારે અચાનક ટાવર પરથી નીચે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનાની જાણ થતા બંને શ્રમિકોને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જો કે સારવાર મળે તે પહેલા જ બંને શ્રમિકોએ દમ તોડી દીધો હતો. આ ઘટનાની જાણ શ્રમિકોના પરિવારને કરવામાં આવી છે. જાફરાબાદના લોઠપુરમાં પવનચક્કીના ટાવર ઉપર બે મજૂરો ચડ્યા હતા. જેઓ નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેથી સ્થાનિક ખેડૂતો અને આસપાસના લોકો દોડી આવ્યાં હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. જોકે, તેઓને સારવાર મળે તે પહેલા જ ઘટના સ્થળે બંને મજૂરોના મોત થયા હતા. કર્ણાટકના કલાપા માલગુડા પાટીલ ઉ.૪૩, શિવગુડા બસા ગુડા પાટીલ ઉ.૨૮ નામના બંને શ્રમિકના મોત થયા હતા. ઘટનાની જાણ થતાં જાફરાબાદ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. ટાવરમાં કેટલા માણસો કામ કરતા હતા? બેદરકારી હતી કે કેમ? સહિતની દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે તેમજ લાશને જાફરાબાદ હોસ્પિટલમાં પી.એમ. માટે ખસેડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ગંભીર અકસ્માતની જાણ મૃતકના પરિવારજનોને પણ કરવામાં આવી છે.

# ગાંધીધામમાં નકલી ઈડીની ટીમનો પર્દાફાશ : ૧ મહિલા સહિત ૧૨ આરોપીઓ પોલીસ સંકજામાં

(એચ.એસ.એલ),ભુજ,તા.૫



ગુજરાતમાં નકલી વસ્તુઓ સહિત અધિકારીઓ ઝડપાવાનો સિલસિલો યથાવત છે. ત્યારે કચ્છના ગાંધીધામમાં નકલી EDની ટીમનો પર્દાફાશ થયો છે. ૧ મહિલા સહિત ૧૨ આરોપી પોલીસ સકંજામાં આવ્યા છે. EDના અધિકારીની ઓળખ આપીને વેપારી સાથે ઠગાઈ કરી હતી. નકલી અધિકારીઓએ રાધિકા જ્વેલર્સ નામની પેઢીમાં દરોડા પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન ૨૫.૨૫ લાખના સોનાના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઈડી અધિકારીઓ નકલી હોવાનો ખ્યાલ આવતા વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. ઝડપાયેલા આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનો ખુલાસો થયો હતો. જો કે ૧૫ દિવસ પહેલા નકલી દરોડાનો પ્લાન ઘડ્યો હતો. આરોપીઓએ ચોરેલ સોનું તેમજ તેમની પાસેથી મળી આવેલા વાહનો સહિત પોલીસે કુલ રૂપિયા ૪૫.૮૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓને ઝડપી પાડવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હતી. ટેક્નીકલ સર્વેલન્સ, ખાનગી બાતમીદારો અને સીસીટીવી ફૂટેજના આધારે નકલી ઈડી ગેંગનું પગેરું ઝડપી પાડવામાં આવ્યું હતું. હાલ ૧ મહિલા સહિત ૧૨ આરોપી પોલીસના સકંજામાં છે. જ્યારે એક આરોપી હજુ ફરાર છે.

# દક્ષિણ ગુજરાતમાં ભરશિયાળે માવઠું ધરમપુરમાં વરસાદથી ખેડૂતો ચિંતામાં

વલસાડ,તા.૫

વલસાડ જિલ્લામાં શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. વિગતો મુજબ ધરમપુરના અંતરિયાળ ગામોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. આ તરફ ઠંડીના માહોલ વચ્ચે કમોસમી વરસાદના આગમનને લઈ જિલ્લાના ખેડૂતો ચિંતામાં મુકાયા છે. આ કમોસમી વરસાદની અસર સંભવિત રીતે શિયાળુ પાક ઉપર પણ થઈ શકે છે. વલસાડ જિલ્લામાં શિયાળાની કાતિલ ઠંડીના માહોલ વચ્ચે વાતાવરણમાં પલટો આવ્યો છે. આવધા, રાજપુરી, ગોરખડા અને મોહપાડા સહિતના ગામોમાં માવઠું પડ્યું હતું. ઉત્તર પૂર્વીય પર્વતીય વિસ્તારમાં સતત હિમવર્ષાને કારણે આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં ઠંડી વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે.











